Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૫ ● અંક : ૨૧૬
તા.૧૨-૦૯-૨૦૧૯, ગુરૂવાર
સંવત ૨૦૭૫ ભાદરવા સુદ - ૧૪
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૧૭ સૂર્યાસ્ત : ૦૬:૪૭

તાપમાન: ડીસા ૩૩.૬ | અમદાવાદ ૨૭.૪ | ગાંધીનગર ૩૩.૦ | વડોદરા ૨૬.૮ | સુરત ૨૮.૨ | નલિયા ૩૨.૮

ચાંદી : ૪૮,૬૫૦ સોનું : ૩૮,૬૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૪ વર્ષ...

# સાત બેઠકોની પેટાચૂંટણીના ચક્રો ગતિમાન

## તમામ સાત વિધાનસભા બેઠકો કબ્જે કરવા ભાજપની વ્યૂહરચના : લોકસભા ચૂંટણી બાદ યોજાનારી પેટાચૂંટણીને લઈને ભાજપ અને કોંગ્રેસ દ્વારા બેઠકોનો દોર શરૂ

અમદાવાદ



ગુજરાત વિધાનસભાની સાત બેઠકોની પેટાચૂંટણી આગામી એકાદ સપ્તાહમાં જાહેર થવાની શક્યતા છે. આ પેટાચૂંટણીમાં પ્રતિષ્ઠાભરી રાજકીય જીત મેળવવા માટે ભાજપ અને કોંગ્રેસે ખાસ વ્યૂહરચના તૈયાર કરી ઉમેદવારોની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. કોંગ્રેસમાં પ્રભારી રાજીવ સાતવ પ્રદેશના નેતાઓ સાથે બેઠકોનો દોર કરી રહ્યાં છે. ત્યારે ભાજપે પણ પ્રદેશના આગેવાનોની સાથે બે મંત્રીઓને પણ પેટાચૂંટણી માટેની જવાબદારી સોંપી છે. જેમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને ગૃહરાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાનો સમાવેશ થાય છે. પેટાચૂંટણીને લઇ ગઈકાલે પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ સાતેય બેઠક પર સંગઠન અને સરકારમાંથી મળી પ્રત્યેક બેઠક માટે બે-બે ઈન્ચાર્જ નીમવાની જાહેરાત કરી હતી. આ ઈન્ચાર્જ સંબંધિત મતવિસ્તારમાં પ્રદેશથી લઈ સ્થાનિક સ્તરનું એક નેટવર્ક ગોઠવશે. આ સાથે જ હવે કોંગ્રેસમાંથી રાજીનામા આપી ભાજપમાં આવેલા અલ્પેશ ઠાકોરને રાધનપુર અને ધવલસિંહ ઝાલાને બાયડ બેઠક માટે ભાજપ ટિકિટ આપશે કે કેમ તેને લઈ ચર્ચાઓ વહેતી થઈ છે. જો કે, આ બંને બેઠકો પર ઉમેદવાર જાહેર કરતા પહેલા હાઈકમાન્ડનો અભિપ્રાય લેવાશે. લોકસભાની ચૂંટણીમાં ભાજપના ૨૬ સાંસદોમાંથી ત્રણ ધારાસભ્યો સાંસદ બનતાં અમરાઈવાડી, ખેરાલુ, થરાદ અને લુણાવાડાની બેઠકો ખાલી પડી હતી. મોરવા હડફ પર ૨૦૧૭માં ચૂંટાયેલા ભૂપેન્દ્ર ખાંટના અનુસુચિત જનજાતિ સર્ટિફિકેટ અયોગ્ય ઠરતાં ચૂંટણીપંચે એમની ઉમેદવારી રદ કરી હતી. જેથી આ બેઠક ખાલી પડી હતી. જ્યારે લુણાવાડાના અપક્ષ રતનસિંહ રાઠોડને ભાજપે લોકસભા ૨૦૧૯માં પંચમહાલ બેઠકની ટિકિટ આપી હતી. જેમનો વિજય થયો હતો. આથી તેમને લુણાવાડા બેઠક પરથી રાજીનામું આપ્યું હતું. તો, બીજીબાજુ, અમરાઈવાડીના ધારાસભ્ય હસમુખ પટેલ, પાટણ માટે ખેરાલુના ધારાસભ્ય ભરતસિંહ ડાભી, બનાસકાંઠાના થરાદના ધારાસભ્ય પરબત પટેલ સાંસદ બનતા ચારેય બેઠકો ખાલી પડી હતી. લોકસભાની ચૂંટણી બાદ કોંગ્રેસમાંથી રાધનપુરના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર અને બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ રાજીનામું આપી ભાજપમાં જોડાયા હતા. આમ, હવે એકાદ સપ્તાહમાં આ સાતેય વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણીની તારીખો જાહેર થવાની શકયતા હોઈ ભાજપ અને કોંગ્રેસ આ તમામ બેઠકો કબ્જે કરવાની રણનીતિ ઘડવામાં સક્રિય બન્યા છે.

## અંબાજી ધામ રોશનીમાં ન્હાયું



અંબાજી મંદિર પરિસર અને સમગ્ર અંબાજીમાં જિલ્લા વહીવટીતંત્ર અને અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા રોશની અને લાઈટીંગની સુંદર વ્યવસ્થા કરવામાં આવતા અંબાજી તીર્થ સ્થાનની ભવ્યતા અને સુંદરતામાં ચાર ચાંદ લાગ્યા છે. રોશનીને લીધે અંબાજી મંદિરની ભવ્યતા નિહાળી માઈભકતોમાં આનંદ અને સંતોષની લાગણી જોવા મળી છે. યાત્રિકો સરળતાથી દર્શન કરી શકે તેમજ પ્રસાદ વગેરે મેળવી શકે તે માટે અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા મંદિર પરિસરમાં સારી સુવિધાઓ ઉપલબ્ધ છે. દૂર-દૂરથી પદયાત્રા દ્વારા ચાલીને આવતા ઘણા યાત્રિકો ભકિતભાવપૂર્વક મંદિર પર ધજા ચડાવી ધન્ય બનતા જોવા મળે છે. ચાચર ચોકમાં બોલ માડી અંબે......જય જય અંબે.......... ના જયઘોષ સતત ગુંજી રહ્યા છે. અંબાજીમાં ભકિતભર્યા ભવ્ય માહોલની જમાવટ થઈ છે.

## વિચાર વૈભવ...

'જુઓ બાળકો, તમને આજે એક અગત્યની વાત કરવી છે', શિક્ષિકાએ બાળકોને કહ્યું.
'મમ્મીને તમે શું કહો છો ?'
'મોમ'
'ડેડીને?'
'ડેડ'
'આન્ટીને?'
'આન્ટ'
'મેડમ, એક વાત પૂછું ?'
'પૂછ'
'આપને અમે મેડ કહીએ તો ચાલે ?'
અંગ્રેજી માધ્યમનાં મમ્મી-પપ્પાઓના
વિવેકહીન ગાંડપણે એમનાં
ચિંટુ-પિંટુ, રિંકુ અને મોન્ટુઓની જે કફોડી હાલત
કરી નાખી છે એનું શબ્દોમાં વર્ણન કરવું શક્ય નથી.
ચિંટુ એની મમ્મીને પૂછી રહ્યો છે કે
પી યુ ટી પુટ થાય તો બી યુ ટી બુટ કેમ ન થાય ?
મમ્મી પાસે એનો જવાબ નથી.
ગુજરાતીમાં ' મારે બે હાથ છે' એમ કહેવાય છે તો
અંગ્રેજીમાં ' ઑંટ્ટુદ્દી '
રટ્ટુહટ્ટુજ 'મારી પાસે બે હાથ છે '
એમ કેમ કહેવાય છે ? તો પપ્પા પાસે એને કોઈ જવાબ નથી.
વ્યાકરણમાં નાન્યતર જાતિ ભલે ગમતી હોય,
લિંગમાં તો નાન્યતર જાતિ નથી જ ગમતી.
માતૃભાષાના માધ્યમને છોડીને વિદેશ ભાષાના
માધ્યમમાં ભણી રહેલાં બાળકોની મનઃસ્થિતિ
કંઈક અંશે આ નાન્યતર જાતિ જેવી જ થઈ રહી છે. રે કરૂણતા!

- આચાર્ય વિજય રત્નસુંદરસૂરિ

## સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં મેઘમહેર : આઠ ઇંચ સુધી વરસાદ

અમદાવાદ

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુ-જરાતમાં મોનસુન જોરદાર રીતે સક્રિય રહ્યું છે. બીજીબાજુ ગીરસોમનાથ, જુનાગઢમાં ભારે વરસાદ થયો છે. બીજીબાજુ જામખંભાળિયામાં માત્ર ચાર કલાક ગાળામાં આઠ ઈંચથી વધુ વરસાદ થતા ચારે બાજુ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે. આવી જ રીતે સુત્રાપાડામાં આઠ ઈંચથી વધુ વરસાદ થયો છે. વિસાવદરમાં પણ આઠ ઈંચ જેટલો વરસાદ થયો છે. ઉમરપાડામાં ગઈકાલે ૧૬ ઈંચ વરસાદ થયા બાદ આજે પણ અતિભારે વરસાદ જારી રહ્યો હતો અને વધુ ચાર ઈંચ વરસાદ ખાબકી ગયો હતો. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદ થયો છે. દક્ષિણ ગુજરાતમાં પણ વરસાદી માહોલ રહ્યો છે. કલાકોના ગાળામાં ચાર ઈંચથી વધુ વરસાદ થયો છે. આ ઉપરાંત ગીર સોમનાથના અન્ય વિસ્તારોમાં ભારે વરસાદ થયો છે. આજે સવારેથી ૮૫ તાલુકાઓમાં વરસાદ થયો છે. આજે સવારે છ કલાકના ગાળામાં માંગરોળમાં ચાર ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો હતો. માણવદરમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો. કેસોદમાં બે ઈંચથી વધુ વરસાદ થયો છે. રાજકોટ, અમરેલી પંથકમાં પણ ધોધમાર વરસાદ પડ્યો છે. રાજ્યભરમાં વરસી રહેલા વરસાદે છેલ્લા ચોવીસ કલાકમાં ૯૫ તાલકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. જેમાં ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકામાં ૨૦૦ મી.મી. અને જૂનાગઢ જિલ્લાના વિસાવદરમાં ૧૯૫ મી.મી. એટલે કે આઠ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.

## થરાદ પંથકમાં ચક્રવાતથી ૧૮ વીજ થાંભલા તુટી પડતાં કેટલાંક ગામોમાં અંધારપટ

થરાદ

બનાસકાંઠના સરહદી થરાદ પંથકમાં મંગળવારની ઢળતી સાંજે પોણા આઠ વાગ્યાના સુમારે વિજળીના કડાકા ભડાકા સાથે થરાદ વાવના ચોક્કસ પટ્ટામાં પુર્વથી પશ્ચિમ વિસ્તારમાં ચક્રવાત પસાર થયું હતું. પવનની તીવ્રતા એટલી હદે હતી કે થરાદ નગરમાં ૨૦થી વધારે અને થરાદ ડીસા તથા વાવ રોડ સહિત હાઈવે પર ૪૦થી વધારે લિમડા અને બાવળનાં વૃક્ષો મકાનો અને દિવાલો પર ધરાશયી થવા પામ્યાં હતાં. વિજકંપનીના સુત્રોએ જણાવ્યું હતું કે નગરમાં નવ અને ગ્રામ્ય વિસ્તારોમાં નવ મળીને ૧૮ વિજળીના થાંભલા અને ઠેકઠેકાણે વિજવાયર તુટી પડ્યા હતા. તેમ છતાં પણ અપવાદરૂપ કિસ્સાઓમાં વિજપ્રવાહ ચાલુ રહેતાં રહીશોના જીવ ફફડી ઉઠ્યા હતા. આ અંગે વિજકંપનીને જાણ કરવા ફોન કરતાં અધિકારી કર્મચારીઓ ફોન નહિ ઉઠાવતાં રોષની લાગણી વ્યક્ત કરતા જોવા મળ્યા હતા. ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં લોકોના છતનાં પતરાં તુટવાના બનાવો પણ બન્યા હતા. થરાદ ડીસા રોડ પર બાવળનું તોતીંગ ઝાડ તુટતાં દોઢ કલાક સુધી ટ્રાફિક જામ થતાં બંન્ને



વિષ્ણુ દવે

અનુસંધાન પાના નં.૬

## ડીસા નજીક જીવંત વીજ વાયર તૂટતા ઘાસચારો બળીને ખાક

### ખેડૂતને વ્યાપક નુકશાન વેઠવાનો વારો

ડીસા

ડીસાના જીઆઈડીસી ફાટક પાછળ આવેલ ખેતરમા જીવંત વીજ વાયર અચાનક તૂટી પડતા ઘાસચારાના પૂળા બળીને ખાખ થઈ જતા ખેડૂતને લાખો રૂપિયાનું નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો.ફાયર ફાયટરની ટીમે પાણીનો મારો ચલાવી આગ પર માંડ કાબુ મેળવ્યો હતો. ડીસાની જીઆઈડીસી ફાટક પાછળ રબારી રાણાભાઈ ચેલાભાઈ ભાગથી ખેતી કરી પશુપાલન કરી ગુજરાન ચલાવી રહયા છે. મંગળવારે તેમના ખેતરમાંથી પસાર થતી વીજ લાઈનનો વાયર અચાનક તૂટી પડતા તેમાંથી તણખા ઝર્યા હતા. જેથી નીચે પડેલ પાંચ હજાર ઘાસના પૂળા બળીને રાખ થઈ ગયા હતા.જોકે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા લોકોના ટોળેટોળા ઉમટી પડયા હતા અને ફાયર ફાઈટરને જાણ કરી હતી.જેથી ડીસા ફાયર ફાયટરની ટિમ ઘટના સ્થળે પહોંચી આંઠ હજાર લીટરનો પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો.પરંતુ આગ વધુ હોવાના કારણે ફાયર ફાયટરની ટિમ ત્રણ વખત પાણી ભરવા અવર જવર કરવી પડી હતી. આ આગમા પશુઓને બચાવવા પ્રાણી અત્યાચાર નિવારણની એમ્બ્યુ લન્સ તત્કાલ ઘટના સ્થળે પહોંચી પશુઓને બચાવી લીધા હતા.જોકે ઘટનામાં જાનહાની ટળતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો .પરંતુ આ આગમાં ખેડૂતને અંદાજિત બે લાખથી વધુનું નુકશાન વેઠવાનો વારો આવ્યો હતો.

## સાર સમાચાર...

### બનાસકાંઠા ઈન્ચાર્જ એસપી અજિત રાજીયાણ સામે ફરિયાદ

ડીસા

થરાદના ડીવાયએસપી અને બનાસકાંઠાના ઈન્ચાર્જ એસપી સહિત અન્ય ૫ પોલીસ કર્મીઓ સામે થરાદ કોર્ટમાં ફરિયાદ નોંધાઈ છે. નાના મેસરા ગામના માવજીભાઈ દરજીએ થરાદ ડીવાયએસપી સહિત થરાદના પીઆઈ તથા બે પીએસઓ અને એક કોન્સ્ટેબલ વિરુદ્ધ થરાદ કોર્ટમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદએ પુત્રીનું મોબાઈલ રેકોર્ડિંગ વાઈરલ કરવાની ધમકી આપનારા રાજસ્થાનના ૨ લોકો સામે ૨૦ દિવસ પહેલા રજુઆત કરી હોવા છતાં ફરિયાદ ન નોંધતા જવાબદાર અધિકારીઓ સામે કોર્ટમાં ઈપીકો કલમ ૧૬૬ છ(સી) અને ૭૫૭ (એ) (બી) હેઠળ ફરિયાદ નોંધાવી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

## દાંતીવાડામાં ડમ્પર અને બાઈક વચ્ચે અકસ્માતમાં પતિ-પત્નીનું કરૂણ મોત





ઈશ્વર રબારી

### પિયરમાં લોકાચાર જઈને પરત આવતા અકસ્માત નડ્યો

દાંતીવાડા

દાંતીવાડા કોલોનીમાં પોતાના પિયરમાં લોકાચાર જઈને આવતી મહીલા અને પોતાના પતિનું રેતીથી ભરેલા ડમ્પર સાથે બાઈક અકસ્માત સર્જાતા સ્થળ ઉપરજ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. ડમ્પર ચાલક અકસ્માતની જગ્યાથી થોડા દૂર ડમ્પર મૂકી ફરાર થઈ ગયો હતો. ઘટનના પગલે મોટી સંખ્યામાં લોકોના ટોળા એકત્રિત થવા પામ્યા હતા અને ગણતરીના સમયમાંજ ૧૦૮ તેમજ પોલીસ પણ આવી પહોંચી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર દાંતીવાડા કોલોની અને સબટેશનની વચ્ચે ગત રોજ ૩ વાગ્યાના સમયે ચંડીસર તરફ જતા બાઈક તેમજ રેતીથી ભરેલા ડમ્પર વચ્ચે અકસ્માત સર્જાયો હતો.જડિયા ગામના મનસુખલાલ ચેલારામ જાની ઉમર આશરે ૬૦ વર્ષ અને તેમના પત્ની પુષ્પાબેન મનસુખલાલ જાની ઉંમર ૫૮ વર્ષ જેઓ પોતાના પિયર જેગોલ ગામમાં લોકાચાર ગયા હતા અને પરત પાલનપુર જઈ રહ્યા હતા તે સમયે કોલોની તરફથી આવતા રેતી ભરેલા ડમ્પરે બાઈકને ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. ઘટનામાં બંનેના માથા

અનુસંધાન પાના નં.૬

### રોડ ઉપર રેતીના થર જામી ગયા હોવાથી અકસ્માતની ભીતિ

બનાવને અડીનેજ એક રેતીની કવોરી ચાલી રહી છે અને તે કવોરીમાંથી રેતી ભરીને નીકળતી ટ્રકોના કારણે રોડ ઉપર રેતીના થર જામી જાય છે.જે થર ટાળવા રોડ પર ચાલતા અનેક વાહનો કોસીસ કરતા હોય છે અને આવા અકસ્માતના ભોગ બને છે.માર્ગ મકાન ખાતાએ કંઈક નક્કર પગલાં લેવા જોઈએ.જેથી રોડ ઉપર માટીના ઉબડ ખાબડ થરના લીધે અકસ્માતની ભીતિ ના સર્જે.જોકે બે દિવસ અગાઉના રોડ સાઈડોની સફાઈમાં તે જગ્યાએથી કેટલી માટી નીકળી તે તો ગાડીઓમાં ફરી અડધો કાચ ખોલી લેબરોને વાત કરતા બાબુઓ જાણેજ છે.

## ગતકડું.... - દેવન વ્યાસ



આજે તો બોણી જ ન થઈ, આજના ભોજન માટે આ ભીક્ષાપાત્ર વેંચવા પડશે !

## વરસાદી માહોલ વચ્ચે છુટો છવાયા ઝાપટાં

# થરાદમાં બે, ડીસામાં પોણા બે જ્યારે વડગામમાં દોઢ ઈંચ વરસાદ





### દાંતીવાડા ડેમની જળ સપાટી ૫૭૦.૦૫ ફૂટ નોંધાઇ

ડીસા

બનાસકાંઠામાં જામેલા વરસાદી માહોલ વચ્ચે છુટો છવાયો વરસાડ પડી રહ્યો છે. મંગળવારે પણ કેટલાક સ્થળે ભારે વરસાદી ઝાપટાં પડ્યા હતા.મંગળવારે થરાદમાં બે ઈંચ, ડીસામાં પોણા બે તેમજ વડગામ વિસ્તારમાં વધુ દોઢ ઈંચ વરસાદ નોંધાયો હતો. પાલનપુર ખાતે કાર્યરત જિલ્લા પુર નિયંત્રણ કક્ષ દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ આજે બુધવારે સવારે છ વાગ્યે પુરા થયેલા ૨૪ કલાક દરમ્યાન બનાસકાંઠાના અમીરગઢ ખાતે ૦૩, કાંકરેજમાં ૧૮, ડીસામાં ૪૧, થરાદમાં સૌથી વધુ ૫૦ મિલિમિટર, દાંતામાં ૧૧, દાંતીવાડામાં ૧૧, દિયોદરમાં ૦૩, ધાનેરામાં ૧૭, પાલનપુરમાં ૦૮, લાખણીમાં ૧૮, વડગામમાં ૩૧ તેમજ વાવ વિસ્તારમાં ૧૫ મિલિમિટર વરસાદ નોંધાયો હતો. દરમ્યાન આજે બુધવારે દિવસે પણ ડીસા સહિત અન્ય વિસ્તારોમાં વરસાદના હળવા ઝાપટાં પડ્યાં હોવાના અહેવાલો મળ્યા છે. બીજી બાજુ, ઉપરવાસમાં થયેલા વરસાદના પગલે બનાસકાંઠાના દાંતીવાડા જળાશયમાં નવા નીરની આવક ચાલુ જ રહેવા પામી છે. સિંચાઈ વિભાગ દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ મંગળવારે સાંજે પાંચ વાગ્યે દાંતીવાડા ડેમમાં ૭૫૨ ક્યુસેક પાણીની આવક સામે દાંતીવાડા ડેમની જળ સપાટી ૫૭૦.૦૫ ફૂટ નોંધાઇ છે. જ્યારે સિપુ ડેમમાં પાણીની આવક બંધ છે અને આજે સાંજે પાંચ વાગ્યે સિપુ ડેમની જળ સપાટી ૫૮૨.૨૪ ફૂટ નોંધાઇ છે. એજ રીતે મુક્તેશ્વર ડેમમાં પણ પાણીની આવક બંધ છે અને આજે સાંજે પાંચ વાગ્યે મુક્તેશ્વર ડેમની જળ સપાટી ૬૨૯.૧૩ ફૂટ નોંધાઈ છે.

## સૂર્યોદય - ૬.૧૭ સૂર્યાસ્ત -૪.૪૭

## તિથિદર્શન

ભાદરવા સુદ-૧૪ ગુરૂવાર ૨૦૭૫




વિક્રમ સંવત : ૨૦૭૫, શા.શકે-૧૯૪૧,નામ સંવત્સર :વિકારી નામ વીર જૈનસંવત ૨૫૪૫ ભાદરવા સુદઃ ચૌદસ ગુરૂવાર ચૌદસની વૃદ્ધિ નક્ષત્રઃઘનીષ્ઠા સાંજે ૪.૫૯ પછી શતતારા યોગઃસુકર્મા કરણઃગર આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ.શ.ષ.સ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

**- જયોતીષી બંસીલાલ એચ.લોધા**

## ચિંતન - સુરેશ પ્રા.ભટ્ટ

### પંડિતે યેવ મૂર્ખે ચ બલવત્યપિ દુર્બલે ઈશ્વરે ચ દરિદ્રે ચ મૃત્યોસ્સર્વત્ર તુલ્યતા

'વિદ્વાન હોય કે પછી મૂર્ખ, બળવાન હોય કે નિર્બળ, શ્રીમંત હોય કે દરિદ્ર, મૃત્યુ તો સર્વને સરખા જ ગણે છે.' સંસાર- વ્યવહારમાં અને સમાજમાં જાત - પાત, ધનવાન- ગરીબ અને ઊંચ -નીચને કારણે માનવીઓ - માનવજાત સાથે જ માનવતા ભૂલીને- ભેદભાવ ઊભા કરી, ગમા- અણગમા, સ્પર્શ- અસ્પૃશ્ય, પવિત્ર- અપવિત્રની દિવાલો ઊભી કરે છે. પ્રાણીમાત્ર જે જીવંત છે, શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરે છે તે તમામ જીવ-જંતુ, પ્રાણીઓ, કોડી- શંખલાં જેવા જીવથી અંગૂઠા જેવડો જ હોય છે. એને પરિણામે બધાં જ પ્રાણી ચેતનવંતા રહે છે. અને આ જીવ જયારે શરીર છોડી દે ત્યારે માત્ર ખોળિયું રહે છે, જે થોડા જ કલાકમાં 'ગંધ' મારવા લાગે છે.

મૃત્યુનો દેવ ન્યાયી છે. જ્યારે- જેના શ્વાસોનો સમય પૂર્ણ થાય (ઈશ્વરે દરેકને કેટલા શ્વાસ લેવાના છે તેની સંખ્યા નિશ્ચિત કરીને જ મોકલ્યા છે.) કે તરત જીવ શરીરને છોડી દે. યમરાજને બધાં પ્રાણી એકસમાન છે. ત્યાં ભેદભાવ, લાગવગ, દબાણ, ઓળખાણ કંઈ જ કામ આવતું નથી.

## આપની આજ - કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)પ્રવાસમાં સફળતા મળે. સ્નેહિથી મિલન થાય..**

**વૃષભ : (બ.વ.ઉ.)સ્વજનની મદદ મળે. મૂંઝવણ દૂર થાય. આરોગ્ય જાળવવું હિતાવહ.**

**મિથુન : (ક.છ.ઘ.)નવા કાર્ય માટે સાનુકૂળતા. મનની મુરાદ બર આવે.**

**કર્ક : (ડ.હ.)પરિવારજનોમાં યશ, વૃધ્ધિ રહેશે. માંગલિક પ્રસંગોનું આયોજન થાય.**

**સિંહ : (મ.ટ.)ખર્ચ-ખરીદીના યોગ છે. આરોગ્ય સારૂં રહે.**

**કન્યા : (પ.ઠ.ણ.)આર્થિક પ્રગતિ થાય. નજીકના સગાથી મિલન-મુલાકાત થાય.**

**તુલા : (ર.ત.)આવક વધારવાની તક મળે. વિશ્વાસે વહાણ ન ચલાવવું હિતાવહ.**

**વૃશ્ચિક :(ન.ય.)વિવાહના કાર્યમાં સફળતા મળે. આયોજન થાય. આર્થિક સ્થિતિ સુધરે.**

**ધન : (ભ.ફ.ધ.)કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ. મન મેળ સાધી શકશો.**

**મકર : (ખ.જ.)પ્રતિસ્પર્ધિને હંફાવી શકો. કોર્ટ-કચેરીના કાર્યોમાં લાભ થાય.**

**કુંભ : (ગ.શ.સ.)મનમાં અશાંતિ સર્જાય. અધ્યાત્મિક કાર્યોમાં મન પરોવાય.**

**મીન : (દ.ચ.જ.થ.)માનસિક વ્યથા-વેદના વધે. ચિંતાનો ઉકેલ મળે.**

## આજનો દિન મહાન - યશવંત કડીકર

અસ્પૃશ્યતાનિવારણના કાર્ય માટે સમગ્ર જીવનને સમર્પિત કરનાર શ્રી પરિક્ષીતલાલ મજમુદારની પુણ્યતિથિ છે.

એમનો જન્મ તા. ૮-૧-૧૯૦૧ ના રોજ પાલિતાણા (સૌરાષ્ટ્ર) માં થયો હતો.

એમણે જીવનના અંત સુધી એમની હરિજન ઉદ્ધારની પ્રવૃત્તિને જારી રાખી. તેમના પ્રયત્નોના પરિણામે જે પછાતવર્ગો માટે કુમાર અને કન્યા છાત્રાલયો, બાલવાડીઓ અને સંસ્કાર કેન્દ્રો ઘણી મોટી સંખ્યામાં અસ્તિત્વમાં આવ્યા છે.

ભારત સરકારે તેમને ૧૯૫૯ માં 'પદ્મશ્રી' નો ઈલકાબ આપીને સન્માન્યા હતા તા. ૧૨-૯-૧૯૬૫ ના રોજ એમનું અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**

**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪

મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા

**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,

**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**સુરત ઓફીસઃ-** ૐકાર કન્સલટન્સી દુ.નં.૧, ગ્રાઉન્ડ ફલોર, હેમાલી બીલ્ડીંગ, ખાન સાહેબનો ડેલો, મહીધરપુરા, સુરત. મો.૬૩૫૬૫૫૫૧૦૮

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001:2015 CERTIFIED
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
Stock Market Trading Consultancy
www.nikhilbhatt.in

નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

## તા. ૧૨.૦૯.૨૦૧૯ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે....

**નિફ્ટી ફ્યુચર ૧૧૧૦૧ પોઈન્ટ મહત્ત્વની સપાટી ....!!!**

**તા.૧૧.૦૯.૨૦૧૯ ના રોજ નિફટી ફ્યુચર બંધ ભાવ જ ૧૧૦૪૫ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૯૭૦ પોઈન્ટના પ્રથમ અને ૧૦૯૩૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૧૧૦૮૮ પોઈન્ટ થી ૧૧૧૦૧ પોઈન્ટ, ૧૧૧૧૭ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૧૧૦૧ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા.૧૧.૦૯.૨૦૧૯ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૭૭૯૦ પોઈન્ટ :-**

**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૭૬૦૬ પોઈન્ટના પ્રથમ અને ૨૭૫૩૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૨૭૮૩૮ પોઈન્ટ થી ૨૭૮૮૦ પોઈન્ટ, ૨૭૯૦૯ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૭૯૦૯ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**HDFC બેન્ક (૨૨૫૦) :- HDFC ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૨૨૨૨ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૨૨૦૮ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૨૨૭૭ થી રૂ.૨૨૯૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૨૩૦૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**ઇન્ડસિન્ડ બેન્ક (૧૩૭૪) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૩૬૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૩૪૭ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૩૯૦ થી રૂ.૧૪૦૪ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**લાર્સેન લિમિટેડ (૧૩૬૫) :- રૂ.૧૩૪૪ નો પ્રથમ તેમજ રૂ.૧૩૨૭ ના બીજા સપોર્ટથી કન્સ્ટ્રકશન સેકટર રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૩૮૩ થી રૂ.૧૩૯૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**HCL ટેક્નોલોજી (૧૦૬૧) :- ટેક્નોલોજી સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૧૦૭૭ થી રૂ.૧૦૮૮ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૧૦૪૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**રેમન્ડ લિમિટેડ (૫૭૬) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૫૬૦ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ટેક્ષટાઈલ સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૫૮૮ થી રૂ.૫૯૫ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**TCS લિમિટેડ (૨૧૫૯) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેક્નોલોજી સેક્ટર નો આ સ્ટોક રૂ.૨૨૦૮ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૨૧૩૦ થી રૂ.૨૧૦૮ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૨૨૨૨ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**બાટા ઈન્ડિયા (૧૫૬૨) :- રૂ.૧૫૮૮ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૫૯૭ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૫૩૭ થી રૂ.૧૫૧૫ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૬૦૬ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**ACC લિમિટેડ (૧૪૯૦) : સિમેન્ટ સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૫૧૫ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૧૪૭૭ થી રૂ.૧૪૭૦ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**લ્યુપિન લિમિટેડ (૭૬૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૭૭૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૭૪૪ થી રૂ.૭૨૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૭૮૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**તાતા એલેક્સી (૬૪૭) :- રૂ.૬૬૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૬૭૬ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૬૩૦ થી રૂ.૬૧૬ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૬૮૮ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!!

## થરાદના દાતિયા ગામના ખેડુતે પોતાની આગવી સૂઝથી મીની ટ્રેક્ટર બનાવ્યું

પ્રતિનિધિ થરાદ

આજના આધુનિક યુગમાં માણસ આવ નવું પોતાની આગવી કોઠાસૂઝ થી કંઈક ને કંઈક કરતો હોય છે ત્યારે બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના ખેડૂત પટેલ નાગજીભાઈ નરસેગાભાઈએ મીની ટ્રેક્ટર બનાવ્યું છે. સરહદી વિસ્તાર ગણાતો અને જીલ્લા દાડમના વાવેતરમાં આજે થરાદ તાલુકો મોખરાનું નામ ધરાવતો થયો છે ત્યારે ખેડુતે દાડમના બગીચામાં ઓછી મજુરી થાય અને થોડો ખર્ચ થાય એવી રીતે ટ્રેક્ટર બનાવ્યું છે. ખેડૂત નાગજીભાઈ ખેતી કામમાંથી ટાઈમ બચાવીને છ માસની મહેનતના અંતે મીની ટ્રેક્ટર તૈયાર કરયુ આજ કાલ બજારમાં આવા મિની ટ્રેક્ટરોની કિમત રૂપિયા. ત્રણ લાખ સુધીની હોય છે ત્યારે ખેડૂતે આ પોતાની આગવી સૂઝથી નજીવી કિંમત ૧.૪૦ (એક લાખ ચાલીસ હાજર)માં ખેતી કામ કરતું ટ્રેક્ટર બનાવ્યું છે. નાગજીભાઈને ટ્રેક્ટર બનાવવાનો વિચાર તે પોતાના ખેતરમાં કામ કરતા હતા ત્યારે મજુરોના અભાવના કારણે કામ દાડમના બગીચામાં ઓછું થતું અને વિચાર આવ્યો કે કંઈક નવું કરું જેથી મજૂરી ખર્ચ બચે અને ઝડપી કામ થાય એવી શોચથી ટ્રેક્ટર બનાવવાનું ચાલુ કરયુ થરાદ જેવા સરહદી તાલુકામાં ટ્રેક્ટર બનાવવા માટેના જરૂરી સ્પેરપાટો (દાગીના) મળે ન રેહતે નજીકના સાચોર અમદાવાદ અને દિલ્હી સુધીથી લાવીને છ માસની મહેનતના અંતે આજે ટ્રેક્ટર તૈયાર કરી દિધું છે. નાગજીભાઈ પાસે ૨૦ એકર જેટલી જમીન છે અને આ જમીનમાં મોટા ભાગની દાડમનું વાવેતર કરેલું છે. દાડમના પાકમાં કામ કરવા માટે મજુરોની વધારે જરૂર પડતી હોય છે. માટે મજુરુ ખર્ચ બચે અને ટાઈમ પણ ઓછો થાય એવી રીતે ટ્રેક્ટર બનાવીને આજે થરાદ પંથકની પણ જીલ્લામાં નામ રોશન કરયુ છે. અત્યારે તેમની પાસે તાલુકાના અનેક ખેડૂતો પ્રેરણા લેવા અને આ મીની ટ્રેકટર દેખવા માટે આવી રહ્યા છે.

ખેડૂત નાગજીભાઈ દ્વારા જણાવ્યું હતું કે, બાગાયતી પાક જેવો કે દાડમ અને અન્ય પાકો આવું મિની ટ્રેક્ટર ખુબ ઉપયોગ થાય છે અને મજુરી બચી જાય છે. દરેક ખેડુતે પોતાની આગવી સૂઝથી આજના યુગમાં કંઈક અલગ કરવાની પ્રેરણા આવા ખેડૂત પાસેથી લેવી જોઈએ.

## ચુપાચુપ્સ એ ભારતમાં તેનું નવું કેમ્પેન 'ફોરએવર ફન' રજુ કર્યુ



ચુપાચુપ્સ ગમ-ફિલ્ડ લોલીપોપ્સ અને સોર બેલ્ટસ એન્ડ બાઈટસની જાહેરાત ગ્રાહકોને બાળપણની મસ્તી ચાલુ રાખવા માટે પ્રેરિત કરે છે

પરફેટ્ટી વેન મેલેની વિશ્વની સૌથી પ્રતિશિષ્ઠ કન્ફેકશનરી બ્રાન્ડમાંની એક ચુપાચુપ્સએ માત્ર બાળકો માટે જ નહી પણ બધાના જીવનમાં રોમાંચ લાવવાના દષ્ટિકોણ સાથે એક નવા કેમ્પેનની (જાહેરાત અભિયાન) શરૂઆત કરી છે. ચુપાચુપ્સ વિશ્વની સૌથી રોમાંચક કન્ફેકશનરી બનાવે છે અને તમારા બાળપણની મસ્તીને ફરી લાવે છે. તેની ટેગ લાઈન 'કરતે રહો, ફન ફના ફન ફન' અનુસાર દરેક વયવર્ગના ગ્રાહકોને તે રોમાંચક અને મસ્તીભર્યો અનુભવ આપે છે. આ નવા કેમ્પેનમાં ગમ ફિલ્ડ લોલીપોપ્સ અને સોર બેલ્ટ એન્ડ બાઈટસ માટે બે જાહેરાતો રજુ કરવામાં આવી છે. આ જાહેરાતોમાં કિશોરો તેમના બોરિંગ અને તનાવભર્યા દૈનિક જીવનમાંથી બ્રેક લઈને મસ્તી કરતા જોવાય છે.

ચુપાચુપ્સ ગમ ફિલ્ડ લોલીપોપ્સની જાહેરાતમાં કેટલાક કિશોરો પતંગ ઉડાવતા જોવામાં આવે છે, જેમની પરિક્ષા નજીકમાં છે. ચુપાચુપ્સથી પ્રેરિત થઈને તેઓ ખૂબ મસ્તી કરી રહયા છે અને તેઓ પતંગ લૂટવા માટે એકબીજા સાથે પ્રતિસ્પર્ધા કરે છે અને બધી મુશ્કેલોનો સામનો કરવા માટે કોશિશ કરી રહયા છે. જાહેરાત ખૂબ જોશભર્યા વાતાવરણમાં સમાપ્ત થાય છે જેમાં તેઓ પતંગ નહી મળવા છંતા ય તેઓ બધા મસ્તીનો ભરપૂર આનંદ લેતા જોવામાં આવે છે.

ચુપાચુપ્સ સોર બેલ્ટસ એન્ડ બાઈટસની જાહેરાતમાં બધા કિશોરો પરિક્ષાના તણાવમાં છે. તેઓ માર્ગ પર જયાં-તયા ભરાયેલ વરસાદના પાણીથી બચવા કોશિશ કરી રહયા છે, પણ તેઓનું મન ચુપાચુપ્સ સોર બેલ્ટ એન્ડ બાઈટસ ચાખતા જ બદલાય છે અને તેઓ પરિક્ષાના તણાવને ભૂલીને પાણીમાં ઉછળ-કૂદ કરતા જોવામાં આવે છે.

## રાજયકક્ષાનો શ્રેષ્ઠ કેળવણી નિરીક્ષક એવોર્ડ રાજ્યપાલના હસ્તે એનાયત કરાયો


ઈશ્વર રબારી

પ્રતિનિધિ દાંતીવાડા

ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે પાંચમી સપ્ટેમ્બરના રોજ શિક્ષણ ક્ષેત્રે ઉમદા કામગીરી કરનાર તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ભરતભાઈ ચૌધરી, કેળવણી નિરીક્ષક, આચાર્ય અને શિક્ષકોને મહામહિમ રાજયપાલના હસ્તે શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક આપવામાં આવે છે ચાલુ વર્ષે રાજ્ય પારિતોષિક ૨૦૧૯ માટે બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ભરતભાઇ ચૌધરી પસંદગી પામ્યા છે તેમણે સમગ્ર જિલ્લાનું નામ રાજ્યમાં રોશન કરી જિલ્લાનું તેમજ દાતીવાડા તાલુકાનુગૌરવ વધાર્યું છે. ભરતભાઇ ચૌધરી છેલ્લા ૨૧ વર્ષથી શિક્ષણ ક્ષેત્રે ઉમદા કામગીરી કરી રહ્યા છે. છેલ્લા ત્રણ વર્ષના દાતીવાડા તાલુકાના પોતાના કાર્યકાળ દરમિયાન ગુણોત્સવના પરિણામોમાં સુધારો આવે તે માટે તેમણે વ્યક્તિગત માર્ગદર્શન અને મિશન વિધ્યા. ગુણવત્તાયુક્ત મોનિટરિંગ દ્વારા સમગ્ર જિલ્લામાં એક આદર્શ ઉદાહરણ પુરુ પાડ્યું છે. સામાજિક સંગઠનો સાથે જોડાઈ સામાજિક ઉત્થાનના પ્રેરણાદાયી કાર્ય પણ કરેલ છે. સરળ અને ઉમદા વ્યક્તિત્વ ધરાવતા ભરતભાઈની શ્રેષ્ઠ કેળવણી નિરીક્ષક એવોર્ડ ૨૦૧૯ માટે પસંદગી થતા ગત રોજ રાજયપાલ હસ્તે એનાયત કરવામા આવ્યો હતો.

## ડીસા - પાટણ હાઈવે પર ખાડાના કારણે અકસ્માતની ભીતિ


ચેતન શ્રીમાળી

(પ્રતિ.) આસેડા

ડીસા પાટણ હાઈવે પર મસ મોટા મોટા ખાડા પડી ગયા છે. વાહન ચાલકો પરેશાન થઈ રહ્યા છે અને ગમે ત્યારે અકસ્માત સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે. ડીસા પાટણ હાઈવે આ ખાડાના કારણે અવર જવરના માર્ગે વાહનચાલકો ભારે મુશ્કેલી વેઠી રહયા છે. એક અઠવાડિયાથી વધુ સમયથી આ ખાડા પડી રહ્યા છે. તેથી વાહનચાલકો પરેશાન થઈ રહ્યા છે અને ગમે ત્યારે અકસ્માત સર્જાવાની ભીતિ સેવાઈ રહે છે.ભારે વાહનો રોડ ઉપરથી પસાર થયા છે. ભારે ટ્રકો બસ જેવા વાહનો ચાલી રહ્યા છે. રાત્રીના સમયે વાહનચાલકો બહુ પરેશાન થાય છે. જોકે તંત્ર ઘોર નિદ્રામાં હોય તેવું જણાઈ રહ્યું છે. ન કરે ને નારાયણ આ માર્ગે કોઈ મોટી દુર્ઘટના સર્જાય તો તેની પાછળ જવાબદાર કોણ તે સહિતના સવાલો લોક મુખે ચર્ચાઈ રહ્યા છે.

## અમિતા ખોપકર તારા ફ્રોમ સતારાના શુટીંગ દરમ્યાન ઈજા પામે છે



ઈજા અને પીડાઓ તે જીવનની મુસાફરીનો ટાળી ન શકાય તેવો ભાગ છે પરંતુ મોટે ભાઘે લોકો આ મુશ્કેલીઓથી ભાગી જતા જોવા મળે છે પરંતુ સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનના તારા ફ્રોમ સતારાના અમિતા ખોપકર પાસે એક જુદિ જ વાર્તા છે કહેવા માટે સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનના તારા ફ્રોમ સતારાએ માત્ર તેની અનોખી વાર્તાથી દર્શકોને પ્રભાવિત કરી દિધા એવું નથી પરંતુ એક નવો વિચાર કે જે ડ્રામાલિટી છે તે પણ દર્શકોમાં સારી રીતે ચાલી રહ્યો છે. શરૂઆતના સપ્તાહોમાં જ સૌથી ઉંચો્ ઈં મેળવનારાઓ શો માંથી આ એક શો છે અને આ શો જેટલા જ આ શો ના પાત્રોને પણ પસંદ કરવામાં આવે છે. અમિતા ખોપકર કે જે પરંપરાગત દાદીમાની ભૂમિકા આ શો માં ભજવે છે તે હાલમાં જ શુટીંગ દરમ્યાન એક ઈંટ તેના પગ પર પડવાથી ઈજા પામી હતી.આ અભિનેત્રીને તરતજ હોસ્પીટલ લઈ જવામાં આવી હતી અને ડોકટરોએ તેને સંપૂર્ણ આરામ કરવા માટે કહ્યુ હતુ. જયારે પ્રોડક્ષન ટીમ તેને જરૂરી આરામા લેવા દેવા માંગતી હતી ત્યારે ,તેણી પોતે જ શુટીગ ચાલુ રાખવા માંગતી હતી અને અવી ચોકસાઈ કરવામાં આવી હતી કે તે ફરીથી શુટીગ કરે તે પહેલા સંપૂર્ણ રીતે સારી થઈ જાય.દર સોમવારથી ગુરૂવાર રાત્રે ૧૦:૩૦ કલાકે તારા ફ્રોમ સતારામાં આજી સાથે તારાની મઝાના સાક્ષી બનો માત્ર સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન ઉપર

## હોટસ્ટાર સ્પેશિયલ્સ 'ધ ઓફિસ સિઝન ૨'માં મલ્લિકા દુઆ જોવા મળશે




વિક્લિન્સ ચાવલાના કર્મચારીઓ પાછા આવી ગયાં છે. પ્રથમ સિઝનમાં પોતાની ભુમિકાથી દેશભરના લોકો વચ્ચે હાસ્ય ફેલાવ્યાં બાદ હોટસ્ટાર સ્પેશિયલ 'ધ ઓફિસ સિઝન ૨' સાથે તેઓ હાસ્ય અને મનોરંજનને બેવડું કરવા માટે સજ્જ છે. નવા કર્મચારીઓ અને નવી રમુજી ક્ષણો સાથે આ સિઝન તેના નવા કર્મચારી તરીકે જાણીતા કોમેડિયન મલ્લિકા દુઆને આવકારશે. ૧૫-એપિસોડની હાસ્યવાર્તામાં ઓફિસના લાક્ષણિક પાત્રો તેમની જાતને અનોખી પરિસ્થિતિ સાથે મનોરંજક જોક્સ, આનંદદાયક ક્ષણો અને અનપેક્ષિત સંબંધો જોવા મળશે.

બીબીસી સ્ટુડિયોઝ ઈન્ડિયા દ્વારા અપ્લોઝ એન્ટરટેઈનમેન્ટ માટે તૈયાર કરાયેલી ધ ઓફિસ સિઝન ૨ના દિગ્દર્શક રોહન સિપ્પી અને બમ્પી છે. મુકુલા ચઢ્ઢા, ગૌહર ખાન, રણવીર શૌરી, ગોપાલ દત્ત, સયાનદીપ સેનગુપ્તા, સમૃદ્ધિ દિવાન, પ્રિયંકા સેટિયા, અભિનવ શર્મા, ગેવિન મેથાલાકા, પ્રિતિ કોચર, સુનિલ જેટલી, ચેન હો લિઓ સહિતના તેમાં ભુમિકા ભજવી રહ્યાં છે. હોટસ્ટાર સ્પેશિયલ દ્વારા પ્રસ્તુત ધ ઓફિસર સિઝન ૨ હોટસ્ટાર વીઆઈપી ઉપર ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૯થી શરૂ થવા માટે સજ્જ છે.આ શોમાં વિક્લિન્સ ચાવલા ખાતે કર્મચારીઓની ૯થીપના જીવનને દર્શાવવામાં આવ્યું છે કારણ-કે તેઓ દૈનિક કામગીરીમાં અજાણતા રમુજી ક્ષણોનું સર્જન કરે છે. ફનજાબી બ્રાન્ચ મેનેજર જગદીપ ચઢ્ઢા અને ત્રાસદાયક ટીપી મિશ્રાથી લઈને અનપેક્ષિત સંબંધો કોર્પોરેટ વર્લ્ડ બતાવશે તથા તેની રમુજી બાબતો સાથે દરેક વ્યક્તિ પોતાના કામના સ્થળોની રમુજી બાબતોને સાંકળી શકશે.

## ડીસામા ગોપાલ સેનાની શોભાયાત્રાનું ધારાસભ્યએ ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું

ડીસામાં શિસ્તબદ્ધ રીતે નિકળેલી રબારી સમાજની શોભાયાત્રાએ આકર્ષણ જમાવ્યું



ડીસા

ભાદરવા સુદ અગિયારસ અને ગણપતિ મહોત્સવની પૂર્ણાહુતિ પ્રસંગે ડીસા શહેરના માર્ગો ગણપતિ બાપ્પા મોરિયાના નાદથી ગુંજી ઉઠ્યા હતા. જ્યારે ગોપાલ સેના રબારી સમાજ ડીસા દ્વારા આયોજીત શોભાયાત્રાને ડીસાના ધારાસભ્યએ ઝંડી આપી પ્રસ્થાન કરાવી હતી.

શ્રી ગોપાલ સેના રબારી સમાજ ડીસા-બનાસકાંઠા દ્વારા નવમા ગણપતિ મહોત્સવની પૂર્ણાહુતિ પ્રસંગે શ્રી નર્મદેશ્વર મહાદેવ મંદિર ડીસા ખાતે યજ્ઞ યોજાયો હતો. આ પ્રસંગે ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઇ પંડયા, પૂર્વ ધારાસભ્ય ગોવાભાઇ દેસાઇ, બનાસ ડેરીના વાઇસ ચેરમેન, બનાસ મેડીકલ કોલેજના પ્રમુખ અને ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઇ દેસાઇ, લાખણી માર્કેટયાર્ડના ચેરમેન બાબુભાઈ પાનકુટા, બનાસ બેન્કના વાઇસ ચેરમેન જીગરભાઇ દેસાઈ, જીલ્લા પંચાયત પ્રમુખ મલાભાઇ દેસાઈ, ડીસા તાલુકા ભાજપ મહામંત્રી રમેશભાઇ દેસાઈ, ગોપાલ સેનાના સ્થાપક પ્રમુખ નરસિંહભાઇ જોટાણા, રબારી ગોપાલક છાત્રાલયના પ્રમુખ રેવાભાઇ દેસાઇ, ગફુલભાઇ દેસાઇ, જીલ્લા પંચાયત સદસ્ય જેઠાભાઇ દેસાઈ, અમિતભાઇ કાપરા, મફાભાઈ ભોયણ, મગનભાઇ ઢુવા, બળદેવભાઇ રાયકા, કલ્યાણ રાણપુર સહિત રબારી સમાજના આગેવાનો અને ગોપાલ સેનાના કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં. ડીસા શહેરમાં શિસ્તબદ્ધ રીતે નિકળેલી શ્રી ગોપાલ સેના રબારી સમાજની શોભાયાત્રા આકર્ષણનું કેન્દ્ર બની હતી. કાર્યક્રમના અંતે ગોપાલ સેનાના જીલ્લા પ્રમુખ સાગર દેસાઈએ રબારી સમાજ તેમજ સૌ કાર્યકર્તાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ભીલડીમાં ગટરો ઉભરાતા રોગચાળાનો ગંભીર ખતરો


કંચનજી ઠાકોર

પ્રતિ. ભીલડી

ડીસા તાલુકાના વેપારી મથક ભીલડીની મધ્યેથી નેશનલ હાઈવે નં.૧૭ પસાર થાય છે. જેથી ભીલડી બે ભાગમાં વહેચાયેલ છે. નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા રોડની બંને બાજુમાં ગટરના પાણીના નિકાલ માટે ગટર લાઈન બનાવેલ છે. તે ગટર લાઈન છાસવારે ઉભરાઈને ગટરનું ગંદુ પાણી રોડ પર આવી જતાં લોકોને પારાવાર ગંદકીનો સામનો કરવો પડે છે જોકે, નવી ભીલડી પંચાયત દ્વારા પંચાયતના સ્વખર્ચે ફાઈટર દ્વારા ગટરના ગંદા પાણીનો ત્વરીત નિકાલ કરવામાં આવે છે. પરંતુ તે ગટરનું ગંદુ પાણી આગળ નહી જતા ફરી ગટર ઉભરાય છે. આમ ભીલડીમાં ગંદા પાણીનો નિકાલ નહી થતાં ભયંકર રોગચાળો ફેલાવાની શક્યતા છે. વેપારીઓના જણાવ્યા અનુસાર હાઈવે ઓથોરીટી દ્વારા જયારે રોડ બનતો હતો ત્યારે ગટર લાઈન ઉંડી બનાવી હોત તો આવી સમસ્યા ના ઉભી થતાં પણ તેમના અણઘડ આયોજનથી તમામને ગંદકી વેઠવાનો વારો આવ્યો છે. જેથી ગામ માથે રોગચાળાનો ખતરો પણ મંડરાયો છે.

## ગુજરાત રાજ્ય બ.કાં. ઘટક સંઘનું શૈક્ષણિક વહીવટી અધિવેશન યોજાયું


સુભાષ વ્યાસ

પ્રતિનિધિ સીસરાણા

ગુજરાત રાજ્ય શિ.સેવા વર્ગ-૩ (નો.ક.) કર્મચારી મંડળ, ગુજરાત રાજ્ય ઘટક સંઘ બ.કાં. ના સરકારીમા. ઉ.મા. શાળાના શિક્ષકો, આચાર્યોનું એક દિવસીય અધિવેશન પાલનપુર સરકારી ઉ.મા. શાળા ખાતે તા.૧૦-૯-૧૯ ના રોજ યોજવામાં આવેલ જેમાં દીપ પ્રાગટ્ય કરીને પ્રસંગની શરૂઆત કરવામાં આવેલ. આ પ્રસંગે ગુજરાત રાજયસંઘના પ્રમુખ એચ.કે.ઠાકર, કચ્છ જીલ્લા સંઘના પ્રમુખ દિવ્યરાજસિંહ જાડેજા, બ.કાં. સરકારી સંઘના જિ.પ્રમુખ શાન્તિભાઈ જોષી અને મહામંત્રી ડી.આર. ચૌધરી તથા તજજ્ઞો નયનભાઈ પરમાર, કે.પી.રાજપુત, ગિરિશભાઈ રાવલ(ઉપ પ્રમુખ ગુ.મા.શિ.સંઘ) જીલ્લાના ઈ.આઈ, શિક્ષણસેવા વર્ગ-૨ ના અધિકારીઓ, એ.ઈ.આઈ.ઓ મિત્રો સમગ્ર જીલ્લામાંથી પધારેલ સરકારી શિક્ષકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ હતા. મહેમાનોનું સ્વાગત કુમકુમ તિલક અને પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડીને કરવામાં આવેલ.અધિવેશનમાં શિક્ષકોના પ્રશ્નો, ઉચ્ચત્તર પગાર ધોરણ, બઢતી અને અન્ય પ્રશ્નોની વિશદ ચર્ચા કરવામાં આવી અને બાકીની પડતર માંગણીઓ અંગે સરકારમાં રજૂઆત કરવા અંગે દરખાસ્ત કરવામાં આવી . સમગ્ર અધિવેશન સારી રીતે પૂર્ણ થયેલ હતું.

## બનાસકાંઠા જીલ્લાનું ગૌરવ




પાલનપુર

ગુજરાત સરકાર આયોજીત ખેલ મહાકુંભ અંતર્ગત અલગ અલગ રમતની સ્પર્ધાઓ ચાલી રહી છે. જેમાં તા.૪--૯-૧૯ ના રોજ પાલનપુર ખાતે કે.કે.ગાંઠી હાઈસ્કૂલમાં જીલ્લા કક્ષાની ચેસ સ્પર્ધા યોજાઈ જેમાં ડીસાના વતની માધુરીબેન કલ્પેશભાઈ પઢિયારે એબોવ-૪૦ માં પ્રથમ સ્થાન મેળવ્યું છે. તથા તેમની સુપુત્રી સુહાની કલ્પેશભાઈ પઢિયારે અંડર-૧૭ પ્રથમ સ્થાન મેળવી બનાસકાંઠા તથા રામ વિખાલયા પાલનપુરનું ગૌરવ વધારેલ છે. સુહાની કલ્પેશભાઈ પઢિયાર છેલ્લા ૪ વર્ષથી જીલ્લામાં પ્રથમ આવી રહેલ છે.

## ડીસાના આંબલી કુવા પાસે વરસાદી પાણીનો ભરાવો : વેપારીઓમાં રોષ



ડીસા

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસાના આંબલિ કુવા વિસ્તારમાં છેલ્લા પાંચ વર્ષ ઉપરાંતથી વરસાદી પાણી ભરાઈ રહેતા વેપારીઓ તોબા પોકારી ઉઠ્યા છે. જેથી નગરપાલિકામા વારંવાર રજુઆત કરી હોવા છતા તંત્ર આંખ આડા કાન કરતું

હોવાના આક્ષેપો વેપારીઓએ કર્યા છે.

ડીસાના મુખ્ય હાર્દ સમો વિસ્તાર ગણાતો આંબલિકુવા કુવા વિસ્તારમા ૫૦ થી વધુ દુકાનો આવેલ છે.ત્યારે આ વિસ્તારમાં સામાન્ય વરસાદમાં પાણી ભરાઈ જતા વ્યાપક ગંદકી ફેલાય છે.પરિણામે દુકાન ધારકો તથા ત્યાથી પસાર થતા ગ્રાહકો ભારે મુશ્કેલીમાં મુકાય છે.ગંદકીના કારણે ગમે ત્યારે રોગચાળો ભરડો લે તેવી સંભાવના સેવાઈ રહી છે.જેના કારણે દુકાનધારકોમાં રોષ જોવા મળી રહ્યો છે.સ્થાનિક દુકાન ધારકોએ જણાવ્યું હતું કે આ અંગે અનેકવાર નગરપાલિકામાં રજુઆત કરવા છતાં તંત્ર ખાલી હૈયાધારણા આપે છે.અને કામ માટે આંખ આડા કાન કરે છે.નગરપાલિકા આગામી સમયમાં સમસ્યાનું નિરાકરણ નહિ લાવે તો તેઓ આગામી સમયમાં ગાંધી ચીંધ્યા માર્ગે અપનાવશે તેવી ચીમકી પણ ઉચ્ચારી છે.

## વાવ અને સૂઈગામના બે શખ્સોએ દશ કરોડનો ચુનો લગાવી હાથ અધ્ધર કર્યા

### ઉંચા ભાવે જીરા અને પ્લોટની ખરીદી બાકીમાં કરીને અને રોકડ રકમે નીચા ભાવે વેચી દીધા

તા.પ્રતિનિધિ વાવ

છેલ્લા એક સપ્તાહથી વાવ અને સૂઈગામ પંથકમાં ‘ટોક ઓફ ધી ટાઉન’ બનેલા બે માળી બંધુઓના કિસ્સાએ ભારે ચકચાર મચાવી દીધી છે. લોક મુખે ચર્ચાતી વાતો અનુસાર કિસ્સાની હકીકત એવી છેકે મૂળ સૂઈગામના વતની અને થરાદ ખાતે સરકારી કર્મચારી તરીકેની ફરજ બજાવતા એક માળી બંધૂએ અને વાવના એક કરોડપતિના હુલામણા નામની ઓળખાતા માળી બંધુની જુગલબંધીએ વાવને સૂઈગામ પંથકના ખેડુતો અને વેપારીમિત્રો પાસેથી ઉંચાભાવે જીરૂ અને પ્લોટની બાકી રકમમાં ખરીદી કર્યા બાદ તાત્કાલીક રોકડ રકમે નીચા ભાવે વેચી અંદાજે ૧૦ કરોડથી વધુ રકમના નાણાં એકત્રિત કર્યાબાદ સમગ્ર નાણાંને સગેવગે કરી હાથ ઉંચા કરી દેતા વાવ સૂઈગામ પંથકના વેપારી અને ખેડુતોને ૧૦ કરોડનો ચૂનો લાગી ગયો છે. એક કહેવત છે ને કે “જ્યાં લોભીયા હોય ત્યાં ધૂતારા ભૂખે ન મળે” તેવો ઘાટ ઘડાયો છે. લોકમુખે થતી વાતો અનુસાર આ ૧૦ કરોડના કડદામાં કોઈ મેળ ન બેસતાં હવે પોલીસ ફરિયાદના ભણકારા વાગી રહયા છે. ત્યારે આ બંને ભેજાબાજો ભુગર્ભમાં ઉતરી ગયા હોવાનું ચર્ચાસ્પદ બન્યું છે હવે પછીનું શું થાય તે જોવાનું રહ્યું.

### બનાસકાંઠા કલેક્ટરનો પ્રેરણાદાયી અભિગમ

## મહામેળા પ્રસંગે અધિકારીઓ સાથે અંબાજી ગામે સફાઇ કરી

### કલેકટર અને અધિકારીઓ દ્વારા કરાયેલ સ્વચ્છતા ડ્રાઈવની યાત્રિકોએ સરાહના કરી



પાલનપુર

પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમના મહામેળાની શાનદાર જમાવટ થઇ છે. દૂર દૂરથી ચાલીને પદયાત્રા કરીને લાખો યાત્રિકો અંબાજીમાં ઉમટી રહ્યા છે. બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર અને શ્રી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા યાત્રિકો માટે વ્યાપક સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

કલેકટર સંદીપ સાગલેની સુચના અને માર્ગદર્શન અનુસાર જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ યાત્રિકોને સેવામાં ખડેપગે વ્યસ્ત છે. વ્યવસ્થા માટે કરવામાં આવેલ વિવિધ સમિતિના અધિકારીઓ, કર્મચારીઓ પોતાને સોંપાયેલ ફરજો નિષ્ઠા પૂર્વક અને સેવાભાવાનાથી બજાવી યાત્રિકોને સહાયરૂપ બની રહ્યા છે.

કલેકટર સંદીપ સાગલેના એક પ્રેરણાદાયી અભિગમની યાત્રિકો મુક્ત મને પ્રશંસા કરી રહ્યા છે. સ્વચ્છતાના આગ્રહી કલેકટર સંદીપ સાગલેના નેતૃત્વ હેઠળ મહામેળા પ્રસંગે અંબાજી ગામમાં અધિકારીઓ દ્વારા સ્વચ્છતા ડ્રાઈવ કરવામાં આવી હતી. આ સ્વચ્છતા ડ્રાઈવમાં કલેકટરશ્રી સહિત ૩૭ જેટલાં જિલ્લાકક્ષાના ક્લાસ વન-ટુ અધિકારીઓ જોડાયા હતાં.

અનુસંધાન પાના નં.૬

## બનાસકાંઠા જિલ્લાની ૩૬૦૦૦ સગર્ભાઓને સરકાર મચ્છરદાની આપશે

### થરાદના દુધવા અને ભાચર પીએચસીમાં સાંસદસભ્યના હસ્તે વિતરણ



(વિષ્ણુ દવે)

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાના દુધવા અને ભાચર આરોગ્ય કેન્દ્ર ખાતે સગર્ભા બહેનોને મચ્છરદાનીનું વિતરણ ગુજરાત રાજ્યના પુર્વમંત્રી અને બનાસકાંઠા જિલ્લાના વર્તમાન સાંસદ પરબતભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયતના સદસ્ય અને થરાદ તાલુકા ભાજપ પ્રમુખ રૂપસીભાઈ પટેલ, ભાજપના મંત્રી અંબાલાલ જોષી, ઈઢાટા ગ્રામ પંચાયતના સરપંચ શંકરભાઈ રાજગોર, તાલુકા ભાજપના પુર્વપ્રમુખ ઉમેદસિંહ ચૌહાણ દુધવા અને લોઢનોર ગ્રામ પંચાયતના સરપંચ તથા બ્લોક હેલ્થ ઓફિસર ડૉ. એચ.વી. જેપાલ તથા મેડિકલ ઓફિસર ભરતભાઈ મણવર, તાલુકાના આરોગ્ય સુપરવાઈઝર ભાણજીભાઈ તરક, મેડિકલ ઓફિસર રમેશભાઈ પટેલ તથા તમામ હેલ્થ વર્કર ભાઈ બહેનો અને આશાબહેનો બહોળી સંખ્યામાં ગ્રામજનો સાથે ઉપસ્થિત રહી હતી.

મહિલાઓને મચ્છારદાનીનું વિતરણ કરતાં સાંસદ પરબતભાઈ પટેલે જણાવ્યું હતું કે સરકાર દ્વારા માતા મરણ અને બાળ મરણ અટકાવવા માટે પગલાં લેવામાં આવે છે. જેના ભાગરૂપે ગ્રામ્ય વિસ્તારોમાં મચ્છરથી થતા ઝેરી મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા જેવા રોગોથી બચવાના ઉપાય માટે સરકાર દ્વારા મફતમાં મચ્છરદાની આપવામાં આવે છે. ગત વર્ષે થરાદ, વાવ, સુઇગામ તાલુકામાં ૧૩૫૦૦૦ મચ્છરદાનીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે થરાદ તાલુકામાં આ વર્ષે ૩૨૪૪ અને બનાસકાંઠા જિલ્લામાં કુલ ૩૬,૦૦૦ સર્ગભા માતાઓને મચ્છરદાની આપવાનું આયોજન કરવામાં આવ્યું છે તેમ સાંસદ સભ્ય પરબતભાઈ પટેલે જણાવ્યું હતું.

### લોરવાડા ૬૬ કેવી સબ સ્ટેશનમાંથી નીકળતી

## વડાવલ ફીડરની વીજ લાઇનમાં વીજ ધાંધિયાથી પ્રજાજનો પરેશાન

### સામાન્ય વરસાદમાં વારંવાર વીજ લાઈન ફોલ્ટમાં જાય છે

પ્રતિનિધિ વડાવલ

ગુજરાત સરકાર દ્વારા વીજ ગ્રાહકોને વધુ સારી સવલતો મળી રહે તે માટે વીજ કંપનીનું ખાનગીકરણ કરવામાં આવ્યું પરંતુ વીજ કંપનીનું ખાનગીકરણ થયા બાદ ગ્રાહકોનું અને પ્રજાનું શોષણ થઈ રહ્યું છે. સામાન્ય હેલ્પરથી માંડી અને અધિકારીઓ સુધી વીજ પ્રશ્નોનું કોઈ સાંભળતું નથી. જેને લઈ પ્રજાજનો ભારે મુશ્કેલીઓ ભોગવી રહ્યા છે. તેવું જ છેલ્લા કેટલાક દિવસોથી લોરવાડા ૬૬ કેવી સબ સ્ટેશનમાંથી નીકળતી વડાવળ ફીડર વીજ લાઈનમાં પુરવઠો વારંવાર ફોલ્ટમાં જતો હોય છે ત્યારે કોઈ સાંભળતું નથી.વડાવળ ફીડરની વિજલાઈનની મેન્ટેનસના અભાવે સામાન્ય વરસાદમાં વીજ પુરવઠો ખોરવાઇ જતા હોય છે. જેને લઈ પ્રજાજનો ભારે મુશ્કેલીઓ ભોગવી રહ્યા છે. જે બાબતે અનેકવાર ઉચ્ચસ્તરે રજૂઆત કરવા છતાં કોઈ ઉકેલ આવતો નથી અને વીજ પુરવઠાની રોજની રામાયણ જોવા મળી રહી છે. થ્રી ફેઈઝ હોય કે સિંગલ ફ્રેઈજ લાઈન ફોલ્ટમાં જતા કલાકો સુધી વીજ પુરવઠો મળતો નથી. લોરવાડા ૬૬કેવી સબ સ્ટેશનના લાઈનોની ઘોર બેદરકારીનો ભોગ આમ પ્રજાજનોમાં બની રહ્યા છે ત્યારે વીજ કંપનીના અધિકારીઓ આ બાબતે ઘટતું કરશે ખરા.

## અંબાજી પદયાત્રિકોની સેવાર્થે શ્રી ઉમિયા વિદ્યા વિહાર સંકુલ દ્વારા સેવા કેમ્પ યોજાયો



સંજય જોષી

પાલનપુર

અંબાજી ભાદરવી પૂનમના મહામેળાને લઈને પગપાળા અંબાજી જઈ રહેલા યાત્રિકોની સેવાર્થે વિવિધ સેવા કેમ્પો ધમધમી રહ્યા છે. ત્યારે પાલનપુરના ધનિયાણા ચોકડી ખાતે પણ શ્રી વિદ્યા વિહાર સંકુલ,ગણેશપુરા દ્વારા સેવા કેમ્પ યોજવામાં આવ્યો છે. જેનો બહોળી સંખ્યામાં પદયાત્રિકો લાભ રહ્યા છે.વિશ્વ વિખ્યાત યાત્રાધામ અંબાજી પગપાળા જતા માઈભક્તો માટે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી બનાસકાંઠા અને ઉમિયા વિદ્યા વિહાર સંકુલ ગણેશપુરા પાલનપુર દ્વારા મેડિકલ કેમ્પ અને ગરમાગરમ ચા, નાસ્તાના કેમ્પમાં માઈ ભક્તો લાભ લઈ રહ્યા છે. ભાજપ કિસાન મોરચાના પ્રદેશ અગ્રણી અને શ્રી ઉમિયા વિદ્યા વિહાર સંકુલના પ્રમુખ અને સદૈવ સેવાકીય પ્રવૃત્તિમાં કાર્યરત ગિરીશભાઈ જગાણીયા અને તેમની ટીમ આ સેવા કેમ્પમાં હાજર રહી ખડે પગે સેવા કરી રહ્યા છે.

આ સેવા કેમ્પની સુવાસ જોતા પાલનપુરના જાણીતા કલાકારો, સંતો- મહંતો અને ભાજપ અગ્રણીઓ પણ સેવા કેમ્પની મુલાકાત લઈ ગિરીશભાઈ જગાણિયાની ટિમના સેવા કાર્યને બિરદાવી રહ્યા છે.

## ડીસામાં જલજીલણી એકાદશી નિમિત્તે મહાપ્રસાદ અપાયો



વિનોદ બાંડીવાલા

ડીસા

ડીસામાં જલજીલણી એકાદશીની ભવ્ય શોભાયાત્રા રામજી મંદિરેથી નીકળી ઠેરઠેર સ્વાગત તેમજ શરબત અને ઠંડાપીણાની લોકો દ્વારા વ્યવસ્થા કરવામાં આવી હતી.જ્યારે ડીસામાં જૂલેલાલને મંદિરે ડીસાના સિંધી સમાજ દ્વારા ભવ્ય શોભાયાત્રામાં મહાપ્રસાદ તેમજ ચણાનું વિતરણ કરવામાં આવ્યું છે.તે પ્રસંગે લોકો મોટી સંખ્યામાં ઉમટી પડી લાભ લીધો હતો.

## છનિયાણા ગામ નજીક પદયાત્રી સેવા કેમ્પ



પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

વડગામના છનિયાણા-ગામ નજીક અંબાજી જતાં પદયાત્રી સેવા કેમ્પ શરૂ કરવામાં આવ્યો હતો.જેમાં ચા,નાસ્તો,વિસામાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.ગામના તમામ યુવાનો ખડેપગે પદયાત્રી ઓની સેવા કરી રહયા છે.

## જુનાડીસા રક્તદાન કેમ્પમાં પરથી વધુ બોટલ રક્ત એકત્ર



### મુસ્લિમ બિરાદરો દ્વારા મોહરમની સાર્થક ઉજવણી

જુનાડીસા

ડીસા તાલુકાના જુનાડીસા ગામના મુસ્લિમ બિરાદરોએ મોહરમ પર્વ નિમિત્તે તાજીયા ઝુલુસ બંધ રાખી હિન્દૂ ભાઈઓના સહયોગથી રક્તદાન કેમ્પ યોજી ૫૨ થી વધુ બોટલ રક્ત એકત્ર કરી ગામની કોમી એકતાને ચાર ચાંદ લગાવી દીધા હતા.

કોમી એકતા માટે વખણાતાં જુનાડીસા ગામે મોહરમના માતમ પર્વ નિમિત્તે લાઈફ લાઈન યુવા ગૃપ દ્વારા ભણસાલી ટ્રસ્ટના સહયોગથી રક્તદાન કેમ્પનું પ્રેરણદાઈ આયોજન કરવામાં આવ્યું હતું જે પ્રસંગે કોમી એકતાના પ્રતીક સમાન જમીયતે ઉલમાં એ હિંદના જિલ્લા પ્રમુખ અબ્દુલ કુદુસ સાહેબ અને પૂ. મહંતશ્રી નિર્મલપુરીજી ત્યાગી મહારાજ ખાસ ઉપસ્થિત રહી ગામની એકતાને એકસુરે બિરદાવી ગામના

અનુસંધાન પાના નં.૬

## વડગામમાં કોમી એકતા

તા.પ્રતિનિધિ વડગામ



પુષ્કર ગોસ્વામી

વડગામના રણછોડજી મંદિર ટ્રસ્ટના પુજારી દ્વારા મંદિર પરિવાર તરફથી મહોરમ પર્વ પ્રસંગે મદીના મસ્જિદમાં શુભેચ્છા મુલાકાત કરી, મોલવી સાહેબને ફુલહાર, સાલ ઓઢાડી વિશિષ્ટ સન્માન કર્યું હતું.વડગામના મુસ્લિમ બિરાદરોએ પણ પુજારી જગદીશભાઈ રાવલને આવકાર્યા હતા. જેને લઈ કોમી એકતાના દ્રશ્યો સર્જાયા હતા.

## ડીસામાં મોહરમ નિમિત્તે સિવિલમાં દર્દીઓને ફ્રુટ વિતરણ



જમીલ મેમણ

ડીસા

ડીસા મોહરમ નિમિત્તે મોહદ્દીશે આઝમ મિશન ડીસા દ્વારા અનેક સેવાકીય કાર્યો કરવામાં આવે છે ત્યારે હઝરત ફાઝીલે બગદાદ હુકમ થી ડીસા સિવિલ માં દાખલ દર્દીઓને ફ્રુટ કીટ આપી ઊંમદા ભાવના વ્યક્ત કરી હતી.જયારે રાજપુર બડાપુરા વિસ્તારમાં આવેલ મદરસાએ સૈયદા ફાતિમા ખાતુંનમાં આજ રોજ આસુરાની નમાઝ અદા કરવામાં આવી હતી અને ઝીક્રે ઈમામે હુસેનની યાદમાં બયાન કરતા ઉપસ્થિત જનમેદની આખોમાં આંસુ છલકાઈ ગયા હતા ત્યારે બાદ દુઆગો ગુજારી હતી અને નિયાઝ વહેચી હતી ઉમદા સેવા કરતી મોહદ્દીશે આઝમ મિશન ડીસાની કામગીરીને ડીસા સિવિલ સ્ટાફે બિરદાવી હતી.

## સેન્ટ ઝેવિયર્સ શાળા ડીસાના વિદ્યાર્થીઓ દ્વારા અનોખો શિક્ષકદિન ઉજવાયો



ડીસા

'શિક્ષક કભી સાધારણ નહિ હોતા... ' ઉક્તિને સાર્થક કરતાં સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, ડીસાના એન.એસ.એસ. અને એન.સી.સીના સ્વયં સેવકોએ આચાર્ય ફા. રાજની પ્રેરણાથી એન.એસ.એસ પ્રોગ્રામ ઑફિસર ભાર્ગવ એમ.ભટ્ટ અને એન.સી.સી ઑફિસર ભરતભાઈ ખાડેલીયા, જ્યોત્સનાબેન, રેખાબેનના માર્ગદર્શન અને સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ગિતેશભાઈ જોશી અને નમ્રતાબેન તેમજ સામાજિક કાર્યકર જયેશભાઈ દેસાઈના સહયોગથી શિક્ષણથી વંચિત એવા ઝૂંપડાંમાં રહેતા બાળકો સાથે આત્મીયતા પૂર્વક "અનોખા શિક્ષકદિન" ઉજવણી કરી હતી. શિક્ષક માત્ર શાળા પુરતો સિમિત નથી, પણ સમગ્ર સમાજ તેને માટે શાળા છે તેવા અભિગમને સાર્થક કરતા સ્વયં સેવકો દ્વારા બાળકોને ગમ્મત સાથે જ્ઞાન, વિવિધ રમતો દ્વારા જ્ઞાન આપવામાં આવ્યું હતું. જ્યોત્સનાબેન અને રેખાબેને વિવિધ બાળગીતો દ્વારા બાળકોને જ્ઞાન આપ્યુ હતું. ગિતેશભાઈ દ્વારા બાળકોને સ્લેટ, પેન, નોટબુક આપવામાં આવી હતી. ભાર્ગવભાઈ અને ભરતભાઈ દ્વારા નાસ્તો અને શાળાના વિદ્યાર્થીઓ દ્વારા કપડાં આપવામાં આવ્યા હતાં. આ પ્રેરણાદાયી શિક્ષ-કદિનને સફળ બનાવવામાં જયેશભાઇ દેસાઈનો બહુમૂલ્ય ફાળો રહ્યો હતો. જયેશભાઈ દેસાઇ અને ગિતેશભાઈએ સેવાના આ યજ્ઞમાં ભવિષ્યમાં જરૂરી તમામ સગવડો આપવાની ખાતરી આપી હતી.

## દાંતા કેમ્પમાં હોટ-સ્ટીમ બાથની પણ સેવા



પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

તાલુકા મથક વડગામમાં આવેલી જિલ્લાની એકમાત્ર સરકારી આયુર્વેદ હોસ્પિટલ દ્વારા બનાસ મેડિકલ કોલેજના સહયોગ થી દાંતા શિત કેન્દ્ર ખાતે ફ્રી મેડિકલ કેમ્પનું ભાદરવી પૂનમના મેળા નિમિતે આયોજન કરવામાં આવ્યું જેમાં આયુર્વેદ હોસ્પિટલ વડગામ દ્વારા દવાઓની સાથે સાથે હોટ વોટર બાથ સ્ટીમ બાથ ફોર મસ્કલ રિલેક્સન્ટ એન્ડ પેઈન કીલિંગ ઈફેક્ટની સાથે આયુર્વેદિક ઉકાળા વાઈરલ રોગો અટકાવવા માટે તથા ડ્રેસિંગ વગેરે પ્રકારની સેવાઓનો લાભ પદયાત્રિકોને આપવામાં આવી રહ્યો છે.

## સમૌ મોટા ગામે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત સંતવાણી કાર્યક્રમ યોજાયો



નરસિંહ દેસાઇ

પ્રતિનિધિ વડાવલ

ડીસા તાલુકાના સમોમોટા ગામે નર્મદિશ્વર મહાદેવની પ્રાણ પ્રતિષ્ઠા સંત શ્રી આનંદ પ્રકાશ બાપુના કમાન્ડો તારા થયેલ તેના જીર્ણોદ્ધાર માટે સમગ્ર ભૂદેવો એકતા કરીને ફરીથી જીર્ણોદ્ધાર માટે ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા જીર્ણોદ્ધાર કાર્યક્રમ યોજાયો હતો.જેમાં ભવ્ય સંતવાણી કાર્યક્રમનું આયોજન ભૂદેવો અને સંત શ્રી જગમાલ રામ મહારાજે કરેલ. તેમાં સંતો હાજર હાજર રહ્યા હતા. જેમાં બાલ બ્રહ્મચારી મુકુંદ રામશ્યામ સ્વરૂપજી, સંત શ્રી ભજનીક રામનાથ બાપુ, નાથારામ, જગમાલ ધનજીરામ મહારાજ સાહિત્ય મેરામભાઇ વગેરે સંતોના સામૈયા કરી શિવ મંદિરના પ્રવેશદ્વાર સુધી વાજતે ગાજતે લાવી રાત્રે ભવ્ય સંતવાણી કાર્યક્રમમાં ભજનિક ગુજરાતના નામાંકિત કલાકાર રામનાથ ગૌસ્વામી,સાહિત્યકાર મેરામભાઇ, તબલા ઉસ્તાદ સિક્કા મીર, બેન્જો વાદક ગેનાજી નરોતમ નાથ,મગન પ્રજાપતિ સહિત અનેક લોકોએ સંતવાણીની જમાવટ કરી હતી. રાત્રે સંતવાણી કાર્યક્રમમાં સમો જુનાડીસા,લુણપુર,

અનુસંધાન પાના નં.૬

## શ્રીરામદેવ પીરની શોભાયાત્રામાં મિનરલ પાણી તેમજ ચોકલેટનું વિતરણ



એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરામાં દર વર્ષેની જેમ ભાદરવા સુદ:અગિયારસના રોજ શ્રીરામદેવ પીરની શોભાયાત્રામાં રાષ્ટ્રીય સ્વયમ સેવક સંઘ (સમરસતા મંચ ધાનેરા નગર),વિશ્વ હિંદુ પરિષદ ધાનેરા નગરના કાર્યકર્તા મિત્રો દ્વારા મિનરલ પાણી તેમજ ચોકલેટનું વિતરણ કરાયું હતુ.સમાજ બંધુઓ ને સેવા કાર્યં થકી સમરસતાના દર્શન કરાવયા હતા.

## ડીસા ખાતે પૂજ્ય આનંદમૂર્તિજી મહારાજનો સત્સંગ કાર્યક્રમ યોજાશે

ડીસા

છેલ્લા ત્રણ વર્ષથી પૂન્યશાળી અને ભાગ્યશાળી ડીસા નગરમાં પૂજ્ય આનંદમૂર્તિજી મહારાજનો દિવ્ય સત્સંગ દર બે મહિને ગોઠવાય છે. તા.૨૧-૯-૧૯ શનિવારે સાંજે ૭:૩૦ થી ૧૦:૦૦ અને તા.૨૨-૯-૧૯ રવિવારે સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ એમ બે દિવસ માટે વીસમા મણકાનું દિવ્ય સત્સંગ જલારામ સત્સંગ હોલ, જલારામ મંદિર ડીસા ખાતે યોજાનાર છે. સદગત હીરાલાલ પૂનમચંદ ઠક્કરની સ્મૃતિમાં પૂનમચંદ પ્રાગજીભાઈ ઠક્કર પરિવાર તેમજ જલારામ મંદિર ડીસાના સહયોગથી યોજાનાર આ સત્સંગ કાર્યક્રમ માટે આનંદ સત્સંગ પરિવાર ડીસાના સૌ

અનુસંધાન પાના નં.૬

## થરાદ તાલુકાના રાહ ગામે શિવ મંદિરે જાગરણ તથા યજ્ઞ યોજાયો



પાંચાભાઈ દેસાઈ

પ્રતિનિધિ રાહ

થરાદ તાલુકાના વેપારી મથક રાહ ગામે સોમનાથ મહાદેવના મંદિરે રાત્રિ જાગરણ તથા યજ્ઞ કરવામાં આવ્યો હતો. આજના દિવસે શિવ મહાપ્રસાદનું જમણવાર પણ રાખવામાં આવ્યું હતું. ગામના દરેક લોકોએ અનેરા ઉત્સાહ સાથે શિવ ભગવાનનું કીર્તન ભજન કરી અનેરો આનંદ માણ્યો હતો.આ પ્રસંગે ગામના દરેક લોકો તથા આગેવાનોએ હાજરી આપી હતી.

# તંત્રી સ્થાનેથી...

## નિરાશા નિર્બળતાનુંચિહ્ન છે.

## પાકિસ્તાનના તમામ પ્રયાસો નિષ્ફળ

હજુ થોડા દિવસ પહેલાં પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને કહ્યું હતું કે પાકિસ્તાન ભારત વિરુદ્ધ પૂરતી તાકાત ઝીંકી દેશે. તેની સાથે પાકિસ્તાની સેના પ્રમુક જનરલ કમર જાવેદ બાજવાનું એ નિવેદન પણ આવ્યું હતું કે ભારતનો બદલો લેવા માટે પાકિસ્તાન કોઈપણ હદ સુધી જઈ શકે છે. ત્યાર બાદથી આ પૂરી તાકાત અને કોઈપણ હદ સુધઈ જવાને લઈને અટકળો લાગવા માંડી હતી. એ સ્પષ્ટ હતું કે પાકિસ્તાન ફક્ત પરમાણુ બોમ્બની ધમકી આપી શકે છે, પરંતુ હજુ તે ખુદ પણ તેના માટે તૈયાર નથી. આ બંને નિવેદનોના અર્થ ખૂબ ખૂલવા લાગ્યા છે. પાકિસ્તાનથી જૈશે મોહંમદના વડા મસૂદ અઝહરને છોડી મૂકવાના સમાચારો આવી રહ્યા છે. જોકે સત્તાવાર રીતે તેને છોડવામાં નથી આવ્યો, પરંતુ તેને જે જેલમાં બંધ કરાયો હતો, હવે તે જેલમાં નથી. કહેવાય છે કે તેને ગુપચુપ છોડી મૂક્યા બાદ તે હવે જૈશ મુખ્યાલય પહોંચી ચૂક્યો છે, જ્યાં તે એ કામોને અંજામ આપી રહ્યો છે જેના માટે તે કુખ્યાત છે.

મસૂદનો આ છૂટકારો અસલમાં પાકિસ્તાનના ખતમ થતા વિકલ્પોની કહાની કહે છે. ભારતે જ્યારથી જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ ખતમ કરી છે, પાકિસ્તાન સરકાર ઘાંઘી થઈ ગઈ છે. તેના પર કંઈક કરી દેખાડવાનું દબાણ છે. શરૂઆતમાં તેને લાગતું હતું કે આંતરરાષ્ટ્રીય બિરાદરી સાથએ મળીને ભારતને નીચાજોણું કરાવશે. પરંતુ આ મામલે તેના પાસા અવળા પડ્યા. સુરક્ષા પરિષદના જે પ્રસ્તાવથી તેને બહુ આશા હતી, ચીનની ઘણી સક્રિય મદદ છતાં તેને ત્યાંથી કશું ન મળ્યું. બેફામ આર્થિક બદહાલીમાં ફસાયેલા પાકિસ્તાનને એ પણ ખબર છે કે સૈન્ય પ્રયાસોમાં મેળવવા કરતાં ખોવાનું વધારે અને ખતરો વધારે છે. તેથી આખરે તે એક જ રીત અજમાવવા જઈ રહ્યું છે જેના માટે તે દુનિયામાં બદનામ છે. મસૂદ અઝહર ભારતના કેટલાય હિસ્સા અને ખાસ કરીને કાશ્મીરમાં આતંક ફેલાવવાના ષડયંત્રો માટે ઘણું કુખ્યાત છે. પાકિસ્તાન હવે આતંકના સિલસિલાને આગળ વધારવા માંગે છે. આપણે યાદ રાખવું જરૂરી છે કે બાલાકોટની સર્જિકલ સ્ટ્રાઇક બાદ આ પ્રકારના આતંકવાદી હુમલા બહુ ઓછા થઈ ગયા હતા.

હુમલામાં ઘટાડાનું એક કારણ એ પણ હતું કે આંતરરાષ્ટ્રીય દબાણને કારણે પાકિસ્તાન પોતાને ત્યાંના તમામ નામચીન આતંકીઓને જેલમાં નાખવા મજબૂર થઈ ગયું હતું. ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સે તેનું નામ ગ્રે લીસ્ટમાં નાખી દીધું હતું અને બ્લેક લીસ્ટ કરવાની તૈયારીઓ હતી. તેનો અર્થ થાય કે દુનિયાભરની સંસ્થાઓથી તેને મળનારી મદદ સંપૂર્ણ રીતે બંધ થઈ જવી. એવામાં એ આતંકીઓને જેલમાં નાખવા પાકિસ્તાનની મજબૂરી હતી, જેની સક્રિયતા તેની વિદેશ નીતિનો જ હિસ્સો હતી. પરંતુ લાગે છે કે પાકિસ્તાને તેનો તોડ કાઢી લીધો છે. કાગળિયે જે આતંકવાદી જેલમાં છે તે હવે ચૂપચાપ પોતાના કેમ્પોમાં પહોંચાડી દેવાય છે. પરંતુ એવી કોઈપણ હરકત પહેલાં પાકિસ્તાને ફરી એક વખત બાલાકોટ યાદ કરી લેવું જોઈએ.

## ભારતના ઓરિક અને ફરીદાબાદ સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સને હનીવેલનો સહયોગ

નવી દિલ્હી

હનીવેલએ આજે ઔરંગાબાદ ઈન્ડસ્ટ્રીયલ ટાઉનશીપ લિમિટેડ અને ફરીદાબાદ સ્માર્ટ સિટી લિમિટેડ સાથે મળીને સ્માર્ટ બિલ્ડિંગ ટેક્નોલોજીસ તથા ઈમર્જન્સી રિસ્પોન્સ, ટ્રાફિક મેનેજમેન્ટ, રોડ કન્જેશન, ક્રાઉડ મોનિટરીંગ, પેડેસ્ટ્રિઅન સેફ્ટી અને ક્રાઇમ પ્રિવેન્શન સહિત વિવિધ શહેરી સેવાઓને સાંકળી લઈને શહેરોની કામગીરીને વધુ અસરકારક બનાવવા અને નાગરિકોના જીવનધોરણમાં સુધારો કરવા માટે કામ કરતાં હોવાની જાહેરાત કરી છે. ઔરંગાબાગ ઈન્ડસ્ટ્રીયલ સિટી (ઓરિક) અને ફરીદાબાદ સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સનો પ્રારંભ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ કરાવ્યો હતો. સ્માર્ટ સિટીઝ મીશનનો ઉદ્દેશ્ય ટેક્નોલોજીનો ઉપયોગ કરીને નાગરિકોની જીવન ગુણવત્તામાં સુધારો કરવાનો તથા ભારતના ૧૦૦ સ્માર્ટ સિટીની આર્થિક વૃદ્ધિને બળ આપવાનો છે.

હનીવેલની સ્માર્ટ અને કનેક્ટેડ ટેક્નોલોજીસ નાગરિકોની જીવન ગુણવત્તામાં સુધારો લાવવા માટે ઉપયોગમાં લઇ શકાય છે. ઉદાહરણરૂપે, ઓરિકમાં હનીવેલે ક્લોઝ્ડ-સર્કિટ ટેલીવિઝન (સીસીટીવી) કેમેરા, વાઇ-ફાઇ એક્સેસ પોઇન્ટ્સ અને સેન્ટ્રલાઇઝ્ડ અદ્યતન કમાન્ડ અને કંટ્રોલ સિસ્ટમ માટે ૮.૪૫ ચોરસ કિમી વિસ્તારને આવલી લેતાં ઓપ્ટિકલ પાઇબર કેબલ નેટવર્કની રચના કરી છે, જેનાથી વીજળી, પાણી, સુરક્ષા, ટેલીકમ્યુનિકેશન અને અન્ય ઉપયોગિતા સહિત સિટી મેનેજમેન્ટની વિવિધ કામગીરીને સાંકળી શકાશે. આ પ્રોજેક્ટમાં ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ, એનવાયર્નમેન્ટલ સેન્સર્સ, સોલર પેનલ્સ, મલ્ટી-સર્વિસ ડિજિટલ કિઓસ્ક અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમ પણ સામેલ છે.

## નારી યોદ્ધાના જઝબા અને બહાદુરીની ઉજવણી કરે છે, ઝી સિનેમા પ્રસારિત કરે છે, મણિકર્ણિકા




“મૈં વો મશાલ બનાઉંગી જો હર ભારતીયો કેં, અંદર આઝાદી કી ભૂખ બન કર દીખેંગી”, આ પાવર પેક્ડ ડાયલોગ દેશના દરેક ભારતીય અંદર દેશભક્તિ અને લગાવની લાગણીને જીવંત કરે છે. એવી જ રીતે, આ લાગણી યુવા મહિલા મણિકર્ણિકા, જે રાષ્ટ્રમાં પહેલા ક્યારેય જોવા ન મળેલી સૌથી બહાદુર રાણી બનવા માટે તૈયાર છે, તેના માટે છે. બ્રિટીશરો દ્વારા તે ‘બળવાખોર વચ્ચેના માણસ તરીકે’ સ્પષ્ટ આવી છે, તેમાં રાણી લક્ષ્મીબાઈએ કઠોરતા અને નિશ્ચયનું એક મૂર્ત સ્વરૂપ છે. મણીકર્ણિકાઃ ધ ક્વીન ઓફ ઝાંસીમાં એક ઉગ્ર રાણીની સાચી ભાવના પ્રગટ થાય છે, જે તેના પતિના મૃત્યુ બાદ બ્રિટીશરો પર તેમના રાજ્યના નિયંત્રણને નકારે છે તથા તેને યુદ્ધના મેદાનમાં તેના સૈનિકો સાથે બહાદુરીથી લડે છે. જન્મથી મણીકર્ણિકાના નામની સાથે, તેને ઝાંસીના મહારાજા, રાજા ગંગાધરે હિન્દી દેવી લક્ષ્મીના માનમાં તેની સાથે લગ્ન બાદ, ‘લક્ષ્મીબાઈ’નું સન્માન આપવામાં આવ્યું હતું. આ મૂવીએ કંગનાનું એક ડિરેક્ટરલ ડેબ્યુ છે, જે એક યૌદ્ધા મહારાણીનું મુખ્ય પાત્ર પણ ભજવી રહી છે. આ સુંદર અભિનેત્રીની સાથે અન્ય કલાકારોમાં ડેની ડેન્ઝોંગપા, સુરેશ ઓબેરોય, જીસ્સુ સેનગુપ્તા, અતુલ કુલકર્ણી, મોહમ્મદ ઝીશાન ઐય્યુબ અને અંકિતા લોખંડે- જેને આ મૂવીમાં મોટા પરદા પર પ્રવેશી રહી છે, તે મુખ્ય પાત્રમાં છે. બહાદુરી અને શુરાતનની વાર્તાને પ્રસારીત કરતા, ઝી સિનેમા પ્રસારિત કરે છે, મણિકર્ણિકાઃ ધ ક્વીન ઓફ ઝાંસીનું વર્લ્ડ ટેલિવિઝન પ્રિમિયર, સાંજે ૮ વાગે.આ ઐતિહાસિક નાટ્યમાં ૮ ગીતો પ્લેલિસ્ટમાં છે, જેને પ્રસૂન જોષીએ લખ્યા છે અને શંકર- એહસાન- લોય દ્વારા કમ્પોઝ કરવામાં આવ્યા છે.ગીત ‘ભારત’માં સૂર અને ભાવનાનું જોડાણ છે અને પ્રસૂન જોશીની શક્તિશાળી લાઈન છે, ‘મેં રહું યા ના રહું, ભારત યેં રેહના ચાહિયેં’, સંપૂર્ણપણે દેશભક્તિને યાદ આપે છે. આ આલ્બમમાં અન્ય ગીત છે,- ‘વિજયી ભવ’, ‘બોલો કબ પ્રતિકાર કરોંગે’, ‘રાજાજી’, ‘તક તાકી’ અને ‘ધનકિલા’ અત્યંત સુમધુર છે તથા તે કોઈપણ વ્યક્તિને તેની સાથે જોડે છે.

**‘રખેવાળ’ ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## એમેઝોન ઈન્ડિયાએ લાંબા ગાળાનો સસ્ટેનેબલ પેકિજિંગ ખ્યાલ રજૂ કર્યો

એમેઝોન ઈન્ડિયાએ આજે જૂન ૨૦૨૦ સુધીમાં પ્લાસ્ટિકનો એકપણ ઉપયોગ ટાળવાની પોતાની પ્રતિબદ્ધતા જાહેર કરી છે. આ પરિવર્તન તરફનું નોંધપાત્ર કદમ ‘પેપર કુશન્સ’નો ઉપયોગ કરવા માટે ઉઠાવવામાં આવ્યું છે, જે પ્લાસ્ટિકના માલ જેમ કે એર પિલો અને બબલ રેપ્સ જેવાને ભારતમાં તેના ફુલફિલમન્ટ સેન્ટર્સમાં બદલાવવામાં આવશે. પેપર કુશન્સનો ઉપયોગ પેકેજની અંદર પ્રોડક્ટ વહન દરમિયાન સલામત રહે તે માટે વધારાની જગ્યામાં ભરવામાં કામમાં લેવાશે. આ પર્યાવરણલક્ષી અને સંપૂર્ણપણે રિસાયક્લેબલ પેકેજિંગ ઉકેલ પસંદગીના ફુલફિલમેન્ટ સેન્ટર્સ (એફસી)માં પહેલેથી લાગુ પાડવામાં આવ્યો છે અને તેને વર્ષના અંત સુધીમાં દેશમાં એમેઝોનના દરે એફસી સુધી લંબાવવામાં આવશે. “એમેઝોન ઈન્ડિયા પેકેજિંગ મટીરિયલનો ઉપયોગ, કચરો ઘટાડવામાં અને પર્યાવરણલક્ષી પેકેજિંગને ઈષ્ટતમ બનાવતા ઉકેલો ઊભા કરવા માટે ટેનોલોજીનો લાભ લઈને સસ્ટેનેબલ સપ્લાય ચેઈન માટે પ્રતિબદ્ધ છે. પેપરની ચીજવસ્તુઓના અમલથી અમે પ્લાસ્ટિકનો નોંધપાત્ર માત્રામાં ઉપયોગ ઘટાડવામાં સક્ષમ રહીશું તેની સાથે ગ્રાહકોના ઓર્ડર્સ પણ સુરક્ષિત રાખી શકીશું.” કંપનીએ એ વાતની ખાતરી રાખી છે કે તેનું પેકેજિંગ મટીરિયલ કોરુગેટેડ બોક્સીસમાં અને પેપર કુશન્સમાં હોય જે ૧૦૦ ટકા રિસાયકલ્ડ કન્ટેન્ટ જેટલી ઊંચી સામગ્રી ધરાવે છે અને તેનું પણ સંપૂર્ણપણે રિસાયકલ થઇ શકે તેમ હોય છે. હાલમાં પ્લાસ્ટિકનો ઉપયોગ પેકેજિંગમાં મેઈલર્સ અને બબલ બેગ્સ તરીકે થાય છે જે ૨૦ ટકા રિસાયકલ્ડ સામગ્રીમાંથી બનાવવામાં આવેલા હોય છે અને તેનું પણ રિસાયક્લીગ થઇ શકે તેમ હોય છે.

## ચિત્ર જાહેર થયુઃ સુધા ચંદ્રનનો તારા ફ્રેમ સતારા માટે શુટીંગનો પ્રથમ દિવસ



મોટી શરૂઆત આગળ વધવા માટે આપણને શક્તિ આપે છે. જાણીતી અભિનેત્રી સુધા ચંદ્રને હાલમાં જ પોતાના નવા શો તારા ફ્રેમ સતારા માટે શુટીંગ શરૂ કર્યુ હતુ અને કલાકારો સાથે શુટીંગનો આનંદ માણ્યો હતો. આ શો ડાન્સ આધારીત છે અને ડાન્સ એ એવી બાબત છે કે જે સુધાને ઘર જેવો અહેસાસ અપાવે છે. જયારે બધા જ કલાકારો સુધાને મળવા માટે અને તેણી સાથે શુટીંગ કરવા માટે ઉતેજીત હતા ત્યારે સુધા પોતે જ આ શો ની મોટી ચાહક હતી.

તારા ફ્રેમ સતારા સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનની લેટેસ્ટ ફિક્ષન ઓફરીંગ છે અને તેમાં ઘણી બધી વાસ્તવિકતાઓનુ મિશ્રણ છે. આ શો વાસ્તવિકતાઓની વાસ્તવિકતાનુ વર્ણન કરે છે, કે જે રીઆલીટી શો માં કેમેરા પાછળ બનતું હોય છે. આ શો રીઆલીટી શો ના સ્પર્ધકો અને સુધા ચંદ્રનના જીવનોને બદલી નાંખવા વિષે છે અને તે રીઆલિટી શો ના નિર્ણાયક તરીકેની ભૂમિકામાં જોવા મળશે. આ શો નો દર્શકોએ ખૂબ સારો આવકાર કર્યો છે અને સુધા પણ આ શો ના શુટીંગને માણી રહિ છે.સુધા ચંદ્રનને તારા ફ્રેમ સતારામાં સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન ઉપર રાત્રે ૧૦:૩૦ કલાકે નિહાળો

## આકાર એક્ઝિબિશન દ્વારા યોજાએલા બ્યૂટી એન્ડ સલૂન એક્સપોમાં ૩૦ હજાર જેટલા ટ્રેડર્સે ભાગ લીધો



આકાર એક્ઝિબિશન દ્વારા બ્યૂટી ઈન્ડસ્ટ્રી માટે પાંચમો બ્યૂટી એન્ડ સલૂન એક્સપો ૨૦૧૯ સક્સેફૂલ રીતે ગુજરાત યુનિવર્સિટી એક્ઝિબિશન સેન્ટર હેલ્મેટ સર્કલ, અમદાવાદ, ગુજરાત ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં ૩૦,૦૦૦ જેટલા ટ્રેડ વિઝિટર્સ, ૨૦૦થી વધારે એક્ઝિબિટર્સે ૧૦,૦૦૦થી વધારે પ્રોડક્ટનું ડિસપ્લે કર્યું હતું આ સાથે સાથે ૫૦૦ જેટલા બ્યૂટી કોમ્પિટિટરે સ્પર્ધામાં ભાગ લીધો હતો. આટલા મોટો ભવ્ય કાર્યક્રમનો માહોલ જોતા જ બન્યો હતો. જેમાં આ વખતનું આકર્ષણનું કેન્દ્ર ઈન્ટરનેશનલ હેરસ્ટાઈલિસ્ટ સેવિઓ જહોન પરેરા અને બૉલિવૂડ મેકઅપ આર્ટિસ્ટ સુભાષ સિંદે રહ્યા હતા. જેમને હાજરી આપી આ એક્સપોમાં ચારચાંદ લગાવ્યા હતા તેમજ તેમના ટેલેન્ટને નજીકથી જોવાનો શહેરીજનોને મોકો મળ્યો હતો. બ્યૂટી ઈન્ડસ્ટ્રીને લગતું પ્લેટફોર્મ મળી રહે તે માટે આકાર એક્ઝિબિશન દ્વારા આટલા મોટા ગજાના મહાનુભાવોની હાજરીમાં આ સફળ એક્સપો યોજાયો હતો. તેમાં પણ ખાસ કરીને બૉલિવૂડના ક્રિએટીવ મેકઅપ આર્ટિસ્ટ એવા સુભાષ સિંદેએ ફક્ત ૩૦ જ મિનિટની અંદર એક જ મોડલના ફેશ પર ક્રિએટીવ રીતે ચાર પ્રકારના લૂક આપી સૌ કોઈ પાર્ટિસિપેન્ટ્સને મંત્રમુગ્ધ કરી દીધા હતા. તેમની આ કળાને નજીકથી જોવાનો અવસર ભાગ્યેજ મળે છે.આ સાથે શાથે ઈન્ટરનેશનલ હેરસ્ટાઈલિસ્ટ એવા સેવિઓ જહોન પરેરા કે જેઓ પ્રિયંકા ચોપરા, કંગના રનૌત, પ્રિતિ ઝિન્ટા, શિલ્પા શેટ્ટી જેવા નામી બૉલિવૂ કલાકારોનું પર્સનલી હેરસ્ટાઈલિંગ કર્યું છે. આ સાથે સાથે હૉલીવૂડની લીઝ હર્લીનું હેરસ્ટાઈલિંગ પણ તેઓ કરી ચુક્યા છે. તેમની ઉપસ્થિતિએ પણ આ એક્સપોમાં ઘણું જોમ પુર્યુ હતું.

## એન્ડપિક્ચર્સ,‘સેટરડે પ્રિમિયર નાઈટ્સ’માં લાવી રહ્યું છે, લૈલા મજનુ-એક ક્લાસિક પ્રેમકથાનું ૨૧મી સદીનું પ્રસારણ ૧૪મી સપ્ટેમ્બર, સાંજે ૮ વાગે




કાશ્મિરની પાશ્ચાદભૂ પર આધારીત લૈલા મજનુએ, જૂની મધ્ય પૂર્વિય લોકસાહિત્યની મજનુ અને લૈલાની વાર્તાના નવા યુગને રજૂ કરે છે. બે ઝગડા કરતા પરિવારોના લૈલા અને મજનુ એક રાતે એકબીજાની સામે મળે છે અને તેમની વચ્ચે એક ઉત્કૃષ્ટ પ્રેમકથા શરૂ થાય છે. રોમાન્સ નાટ્યથી દર્શકોને અભિભૂત કરવા માટે જાણિતા ફિલ્મ મેકર ઈમ્તિયાઝ અલીએ આ શાશ્વત પ્રેમકથા લખીને દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા છે. ઈમ્તિયાઝ અલીના ભાઈ સાજીદ અલી દ્વારા ડિરેક્ટ લૈલા મજનુમાં નવોદિત અવિનાશ તિવારી અને ત્રિપ્તિ દિમરી અગ્રણી ભૂમિકામાં છે. આ ફિલ્મનું વર્લ્ડ ટેલિવિઝન પ્રિમિયર આવી રહ્યું છે, એન્ડપિક્ચર્સ- નયે ઈન્ડિયા કા બ્લોકબસ્ટર મૂવી ચેનલ પર, તેની પ્રસ્તાવના ‘સેટરડે પ્રિમિયર્સ નાઈટ્સ’ હેઠળ આ શનિવાર, ૧૪મી સપ્ટેમ્બરના રોજ.જ્યારે લૈલા મજનુના ક્લાસિક પ્રેમકથાના ઘણી આવૃતિ આવી છે, ત્યારે સાજિદ અને ઈમ્તિયાઝ, ભાઈઓની આ ટીમે તેને આધુનિક અને સમકાલિન વણાંક આપવા પ્રયત્ન કર્યો છે લૈલા (ત્રિપ્તિ દિમરી) તેના પોતાના મસ્ત વિશ્વમાં જીવે છે અને તેના ખાસ રાજકુમારનું સપનું જૂએ છે, જે તેને તેની મોત સુધી પ્રેમ કરે. યોગ્યતાની શોધમાં તે એક અત્યંત ઉત્સાહિ એવા ક્વાઈસ (અવિનાશ તિવારી)ને મળે છે. જેમ-જેમ વાર્તા આગળ વધે છે, તેમની બંનેની વચ્ચે રોમાન્ટિક ઘનિષ્ટતા વધે છે, જે તેમના પરિવારો વચ્ચેની દુશ્મનાવટથી અલગ છે. તેમને આ પાગલ રોમાન્સ શહેરમાં ચર્ચાનો વિષય બને છે, જેનાથી ક્વાઇસ અને લૈલાના પરિવારો વચ્ચેની મુશ્કેલી વધે છે અને તેનાથી તેઓ અલગ થાય છે.શું ક્વાઈસ તેના સાચા પ્રેમ માટે લડાઈ કરશે કે પછી નસીબ એવું ફરશે કે આ બંને પ્રેમીઓ હંમેશા માટે અલગ થઈ જશે?

## ભારતી સિંહની રવિ કિશન સાથે રોમેન્ટિક ડેટ



કલર્સના ખતરા ખતરા ખતરા પર દર અઠવાડિયે ઘણા મહેમાનો મનોરંજનના સાક્ષી બને છે. આ અઠવાડિયે ભોજપુરી અભિનેતા રવિ કિશનને હાસ્યના દંગલમાં કોમેડીનો તડકો લગાવવા માટે વિશેષ અતિથિના રૂપમાં આમંત્રિત કરવામાં આવ્યા હતા.દરેક કોઈનું ધ્યાન આકર્ષિત કરનાર આકર્ષક અવસરોમાંથી એક હતું જયારે કોમેડી ક્વિન ભરતી સિંહે રવિ કિશનને તેમનીઓ સાથે એક વિશેષ ડેટ પર જવા માટે કહ્યું. રવિ કિશન આ પ્રસ્તાવનો ઈન્કાર ના કરી શક્યા અને ડેટ માટે સહમત થયા. તેમની ડેટ માટે એક રોમેન્ટિક કેન્ડલલાઈટ ડિનરની વ્યવસ્થા કરવામાં આવી હતી જેમાં ભરતી અને રાવીને ફૂલોની પંખુડીઓની વર્ષા કરવામાં આવી, ભારતી શરમાવાનું બંધ ના કરી શકી.ત્યારબાદ, રવિએ હસતાં હસતાં એ પણ ઉલ્લેખ કર્યો કે ભારતીએ તેમને ખતરા ખતરા ખતરામાં આવવા માટે મજબૂર કર્યા કારણકે તેઓ તેનાથી બદલો લઇ શકે અને તેમના મેરેજમાં સામેલ ન થવા માટે તેમના પર ફ્રેન્ક રમી શકે. રવિને શોમાં ટ્રમ્પોલિયન હેડ બાસ્કેટ ગેમ, વોબલ બેલેન્સ કોન્સ અને સ્લાઈડિંગ ક્લોથ ગેમ જેવી વિભિન્ન ગેમ રમવાનો આનંદ મળ્યો.આનંદ અને ઉત્સાહનો અનુભવ કરવા માટે જોતાં રહો ખતરા ખતરા ખતરા, ફક્ત કલર્સ પર

## દિલ્હી કાર્ગો ટ્રાંસશિપમેંટ હબઃ અમદાવાદના દવા ઉદ્યોગ માટે વૈશ્વિક બજારમાં દાખલ થવાનો દ્વાર



ભારતના સૌથી વ્યસ્ત અને સોથી મોટા હવાઈ મથક દિલ્હી હવાઈ મથક (આઈ એટીએ કોડ DEL)એ ભારત સરકારના ૨૦૧૬ની રાષ્ટ્રીય હવાઈ કાર્ગો નીતિની બ્લૂપ્રિંટ અનુસાર હાલમાં જ ઈંદિરા ગાંધી હવાઈ મથક (આઈજીઆઈએ) પર સમર્પિત ટ્રાંસશિપમેંટ એક્સેલેંસ સેંટર (ટીઈસી) બનાવ્યુ અને શરૂ કર્યું છે. તેની સાથે જ હવાઈ મથકોએ હવાઈ કાર્ગો પુરવઠા શ્રેણીમાં મજબૂત છાપ છોડતા દુનિયા ભરમાં ટ્રાંસશિપમેંટ કાર્ગોની આવન-જાવન માટે નવો દરવાજો ખોલ્યો છે. ગુજરાતની કુલ નિકાસમાં અમદાવાદની મહત્વપૂર્ણ ભૂમિકા છે. તેને જોતા દવાઓ તથા અન્ય સામાનને દિલ્હી હવાઈ મથક દ્વારા તેજીથી વૈશ્વિક બજારમાં મોકલવાની આ સારી તક છે. હાલમાં જ મેસર્સ ગેલેક્સી ફ્લાઈટે ડેલ કાર્ગો દ્વારા અમદાવાદથી દક્ષિણ અમેરિકા માટે દવાઓની અવન-જાવન માટે નવો માર્ગ શરૂ કર્યો છે. દિલ્હી હવાઈ મથક પર સમર્પિત ટ્રાંસશિપમેંટ સેંટર સ્થાપિત કરવાની આ પહેલની કાર્ગો સાથે સંકળાયેલા તમામ પક્ષો જેવા ઉડ્ડયન કંપનીયો, ફ્રેટ ફોરવર્ડરો, કાર્ગો સંભાળનારા સંચાલકો તથા લોજિસ્ટિક ઉદ્યોગએ પ્રસંશા કરી છે."ભારતમાં હવાઈ કાર્ગો કેન્દ્ર બનાવવાની નાગર ઉડ્ડયન મંત્રાલયની કલ્પનાને સાકાર કરવામાં ભાગીદાર બનીને અમને ખુશી થઇ રહી છે. ટીઈસીએ ટ્રાંસશિપમેંટ કાર્ગોની સુરક્ષિત રસ્તાથી અસરકારક આવન-જાવનને ગતિ નહિં મળે પરંતુ આઈજીઆઈ હવાઈ મથકને આ ક્ષેત્રમાં હવાઈ કોર્ગોના મથક અને દુનિયાના હવાઈ કાર્ગો દ્વારાના રૂપમાં આગળ વધવામાં પણ આ ખૂબ યોગદાન આપશે."

દિલ્હી હવાઈ મથક ભારતનું એક માત્ર હવાઈ મથક છે, જ્યાં ટર્મિનલથી વિમાન તથા વિમાન ટર્મિનલ સુધી કાર્ગો લઈ જતા સમયે તમામ પ્રકારના ફાર્મા ઉત્પાદનો માટે -૨૦ ડિગ્રીથી +૨૫ ડિગ્રી વચ્ચે તાપમાન વાળી અતૂટ કૂલ ચેન સુનિશ્ચિત કરવા માટે કૂલ ડોલીઝ સુવિધા ઉપલબ્ધ છે.

## યુવાન દિમાગને વિજ્ઞાનની પ્રેરણા આપતા



હિંમતનગર

એક લાઈફ સાયંસ કંપની તરીકે બેયર દૈનિક જીવનમાં વિજ્ઞાન જે આંતરિક ભાગ ભજવે છે તેને સમજે છે. મેકીંગ સાયંસ મેક સેન્સ (MSMS), એ બેયરની આખી કંપનીમાં ફેલાયેલ શૈક્ષણિક પહેલ છે જે હેન્ડઝ ઓન, પૂછપરછ આધારિત શિક્ષણ અને કર્મચારી સ્વયંસેવાવાદ મારફતે વિજ્ઞાનના શિક્ષણને એડવાન્સ બનાવવા ધારે છે. હિંમતનગરમાં આવેલી માઉન્ટ કાર્મેલ સ્કુલ, સેંટ ઝેવિયર્સ સ્કુલ, ન્યુ ઈંગ્લીશ હાયર સેકંડરી સ્કુલ અને રુમી ઈંગ્લીશ સ્કુલના ૫૫૦થી વધુ વિદ્યાર્થીઓ આ પ્રોગ્રામમાં ૧૧થી ૧૪ સપ્ટેમ્બર ૨૦૧૯ દરમિયાન ભાગ લેશે.ભાગીદારો અને કર્મચારી સ્વયંસેવકો સાથે બેયર ધોરણ ૫ અને ૬ના વિદ્યાર્થીઓ માટે રમૂજથી ભરપૂર પ્રયોગ હાથ ધરી રહ્યુ છે કેમ કે આ વર્ષોમાં જ શાળાઓમાં વિજ્ઞાનનો એક વિષય તરીકે સંપૂર્ણ રીતે પરિચય આપવામાં આવે છે. આ પ્રોગ્રામમાં જીવંત પ્રદર્શનો, પ્રયોગો અને ઈન્ટરેક્ટિવ સત્રોનો સમાવેશ થાય છે જેથી શીખવાના અનુભવને વિસ્તરિત બનાવી શકાય અને વિજ્ઞાન આનંદદાયક અને રમૂજવાળો માર્ગ દ્વારા શીખવવામાં આવે છે તેની ખાતરી કરી શકાય. આ પાછળનો હેતુ વિદ્યાર્થીઓને વિજ્ઞાન આધારિત ઉચ્ચ શિક્ષણ અનુસરવા માટે પ્રોત્સાહન આપવાનો છે.

MSMS પ્રોગ્રામને ભારતમાં ૨૦૦૭માં લોન્ચ કરવામાં આવ્યો હતો અને ત્યારથી દેશભરના ૭૫૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે જેમાં મુંબઇ, હિંમતનગર, અંક્લેશ્વર, વાપી અને ગ્રેટર નોઇડા જેવા શહેરોનો સમાવેશ થાય છે.

## પશુપાલનઃકિસાન સ્વરાજનું અવિભાજ્ય અંગ

ભારતીય ખેતીનું અભિન્ન અને અનિવાર્ય અંગ છે. પશુપાલન તેમાંય ખાસ કરીને નાના-સીમાંત ખેડૂતો,જમીનવિહોણાં લોકો ગામડામાં બે-ચાર ગાય ભેંસ રાખીને,ઘેટાં-બકરાં ચરાવીને મોટા પાયે રોજગાર મેળવે છે.આ બાબત માત્ર સિંચાઈવાળી ખેતીમાં જ નહીં,વરસાદ આધારિત ખેતી માટે પણ એટલી જ સાચી છે. ખેતીના નિવસન તંત્ર (ફાર્મ ઈકોલોજી)ના સંદર્ભે પશુપાલનનું આગવું મહત્વ છે. કચ્છના બન્ની વિસ્તારમાં સિંધથી આવીને વસેલાં હલાયપોત્રા માલધારીઓ પરંપરાગત રીતે સૌરાષ્ટ્રની ખેતીને બળદો પૂરા પાડતા રહ્યા.ગીર જંગલના માલધારીઓ જંગલના પર્યાવરણમાં આગવું સ્થાન ધરાવે છે.આર્થિક દૃષ્ટિએ મહત્વનાં તેવાં દૂધના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં પ્રથમ ક્રમે છે.દુધાળાં જાનવરોની સંખ્યામાં પણ ભારત મોખરે છે.આજે જ્યારે બજારમાં વેચવાલાયક પેદાશોનું વધુ ઉત્પાદન મેળવી લેવા ખીલે બાંધેલાં, માત્ર ગમાણમાંથી ખાનારાં પશુઓને વિશેષ મહત્વ અપાઈ રહ્યું છે ત્યારે ગોચરો-ચરિયાણો અને બિન-ખાનગી જમીન પર થતું પશુપાલન વિસારે પડી રહ્યું છે.આવું પશુપાલન પાકોની ખેતી સાથે અભિન્ન રીતે સંકળાયેલું છે.જાહેર પર્યાવરણીય સ્રોતો પર ટકેલું છે, તે ઓછો ખર્ચ માગે છે, તેનાં ધણ મોટાં હોય છે, અને અનેકવિધ જાતો સાચવે છે, દૂધ જેવી માત્ર એક જ પેદાશ નહીં પણ બે-ત્રણ પેદાશો સમાંતર રીતે પેદા કરે છે અને સામાન્ય રીતે સમાજના નબળા વર્ગને વ્યાપક રીતે રોજગાર પૂરો પાડે છે.આજના આદ્યોગિક વિકાસની તરાહમાં તેમના માટે કોઈ વિશેષ નીતિ વિષયક અને યોજનાકીય ધ્યાન અપાતું નથી.

પશુપાલન સંદર્ભે આજે જે નીતિ ઘડાઈ રહી છે તે વિશેષ કરીને દૂધ કે ઊન જેવી એક પેદાશની ઉત્પાદકતા વધારી દેવા તરફ કેન્દ્રિત છે.તે સ્થાનિક રીતે અનુકૂલન પામેલી ઓલાદો તરફ દુર્લક્ષ ધરાવે છે.તેને સંકલિત પાક-ખેતી સાથે જોડવામાં આવતી નથી.ગોચરો પર વધતા દબાણને નજરઅંદાજ કરવામાં આવે છે.પશુઓ માટેની આરોગ્યસેવાની સ્થિતિ એટલી હદે વણસી ગઈ છે કે તેનો કોઈ ભરોસો નથી અને સેવાના અભાવે પશુઓનું મૃત્યુ થાય છે, પશુઓ રિબાય છે.સરકારના બે વિભાગો-પશુપાલન અને ખેતી વચ્ચે પૂરતી સંવાદિતા નથી.

આ પરિસ્થિતિમાં કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓમાં અને સમુદાય આધારિત સંગઠનોએ અભિક્રમ લઈને પશુઓના સ્વાસ્થ્યની કાળજી માટે પશુ સખી, પ્રાણી બંધુના નામે સ્વાસ્થ્ય કાર્યકરોની ફોજ ઊભી કરીને વૈકલ્પિક સફળ વ્યવસ્થા ઊભી કરી બતાવી છે અને આંધ્રપ્રદેશ, ઓડિશા, ઝારખંડ અને પશ્ચિમ બંગાળની સરકારોએ તેને સ્વીકારીને અમલમાં મૂકી છે.આંધ્રપ્રદેશના અનંતપુરમાં મનરેગા યોજના હેઠળ ચરિયાણોનું પુનઃસર્જન સંવર્ધન કરાઈ રહ્યું છે.કચ્છની બન્ની ભેંશોને હવે અલગ ઓલાદ તરીકે સ્થાન મળ્યું છે અને ત્યાંના માલધારીઓનું સંગઠન બન્યું છે. મધ્યપ્રદેશ, ઝારખંડ,ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં રાજયના પશુપાલન ખાતા, પ્રજાકીય સંસ્થાએ અને સ્થાનિક સામુદાયિક સંગઠનોને સાથે મળી ઘેટાં-બકરાં જેવા નાના પશુઓ માટે રહેઠાણ, સ્વાસ્થ્ય અને ગોચરોના સુધારા થકી નાના-સીમાંત ખેડૂતોને લાભ થાય તે માટેનું બીડું ઝડપ્યું છે.આંધ્રપ્રદશ, ઓડિશા અને મધ્યપ્રદેશમાં મરઘાં-બતકના દેશી રીતના પાલન થકી આદિવાસીઓના રોજગાર અને પોષણની સુરક્ષા અંગે યોજના ઘડાઈ છે.અલબત્ત, સંશોધન ક્ષેત્રે જેની પાછળનો હેતુ ઉત્પાદનવૃદ્ધિ માત્ર છે, તેવી વિદેશી જાત સાથે સંકરણ,એમ્બ્રિયો ટેક્નોલોજી જેવી હાઈટેકને પ્રાધાન્ય અપાય છે અને માલધારીઓનાં પશુઓ, તેમના ગુણો, જમીનની ફળદ્રુપતા સાથેનો સંબંધ, પાક પસંદગીમાં તેમની જરૂરિયાતો જેવા મુદ્દા સંશોધનના હાલના માળખામાં ઓરમાયું સ્થાન ધરાવે છે.આ ક્ષેત્રે સામાજિક-સાંસ્કૃતિક વિષયોના સંશોધનની પણ જરૂર છે.

નીતિ વિષયક જરૂરી પગલાં

૧.વધુ ઉત્પાદનઃપ્રાણીઓની ઓલાદો અને સંકરિત જાનવરોનો વ્યાપક ફેલાવો કરી દેવાને બદલે સ્થાનિક જળવાયુમાં ગોઠવાયેલ દેશી જાતો-ઓલાદોનું સંવર્ધન કરવું.

૨.પશુઓ ખરીદવા/આપવા વિશેની માનસિકતામાંથી બહાર નીકળી પશુપાલન માટે વિકેન્દ્રિત સર્વાંગી સહાય ઊભી કરવી, જેથી પશુઓનો મૃત્યુદર ઘટે.

૩.ગોચરો ઉપર પ્રજાનાં અધિકારો અને ફરજોને પુનઃસ્થાપિત કરવા.

૪.નેશનલ લાઈવસ્ટોક મિશનને સ્થાનિક દેશી પશુપાલનની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી નવેસરથી ડિઝાઈન કરવું.

૫.માલધારીઓમાં વૈજ્ઞાનિક-કાર્યક્ષમ અભિગમ ઊભો કરવા સંગઠનાત્મક પ્રયત્નો કરવા.

૬.પશુઓ દ્વારા મળતાં ખાતર, ઊર્જા જેવા ફાયદાને ધ્યાનમાં રાખી સર્વાંગી સજીવ ખેતી સંદર્ભે પશુપાલનને પ્રોત્સાહન આપવું.

**સવ્યસાચી દાસ (સાભારઃભૂમિપુત્ર, તા.૧-૦૩-૨૦૧૯)**

## અનુશાસન કોનું સ્વીકારવું?

શાસન-વ્દાદશાંગી-બાર જૈન અંગ ગ્રંથ-આગમ-સિધ્ધાંત-શાસ્ત્ર-પ્રતિપાદન-શિક્ષા-આજ્ઞા-ચાર ગતિમાં ભ્રમણ સંસરણ કરતો સંસારી જીવ એના પર અનાદિકાળથી કર્મસત્તાનું આઠે આઠ કર્મનું એમાં પણ ચાર ઘાતી કર્મનું અને એમાં પણ મોહનીય કર્મનું અનુશાસન ચાલતું આવ્યું છે. આ અનુશાસન એને ચાર ગતિમાં ભટકાવવાનું કર્યા કરે છે. સત્તાથી અનંત આનંદ આનંદ જ્ઞાનના સ્વામીને દુઃખમાં રિબાવે છે. કોઈક વાર જીવોને દેખીતું થોડું સુખ જણાય છે. પણ એ આત્માના અનંત સુખને છીનવી લઈને બટકું રોટલો આપવા જેવું નગણ્ય હોય છે. અનુશાશન તો આ કર્મસત્તા પોતાનું જાળવી જ રાખે છે. જીવને પોતાના વર્તુળ બહાર જવા દેતી નથી. દુઃખમાં રિબાવ્યા કરે છે જ.

આ કર્મસત્તાની સામે છે ધર્મ શાશન ધર્મતીર્થ આ આત્માને એનું કર્મ સત્તાએ દબાવી દિધેલું અનંત સુખ મેળવી આપવાનું કરવા માટે જ પરમ તારક શ્રીતીર્થકરદેવોએ સ્થપાયેલું શાસન છે... કર્મસત્તાના કહો મોહના અનુશાસનમાંથી મુક્ત બને અને ધર્મશાસનને શરણે જાય તો જ જીવસુખી બને. અનુક્રમે અનંત સુખનો સ્વામી બને.

પ્રભુ આ શાસન ક્રોધાદિ ચાર અને પાંચ ઈન્દ્રિયોના મનગમતા અણગમતા શબ્દાદિવિષયોમાં થતાં રાગ-દ્વેષ, રતિ-અરતિથી બચાવવા માંગે છે. અને એટલે જ રાગ-દ્વેષની માત્રા ઓછી થાય રતિ અરતિ મંદ પડે એવા કેટલાક કાનુન હિતશિક્ષા ફરમાવે છે. અનાદિ કાળથી આ રાગાદિમાં ફસાયેલા જીવને પ્રભુને પ્રભુના કાનુનો અઘરા લાગે છે.ધર્મશાસન એના ફાયદા એ કાનુન પાલનથી મોહરાજાની પકડમાંથી મળી આવતી મુક્તિ વગેરે સતત દ્વારા જણાવતું રહે છે. અને આ કાનુનના સંપૂર્ણ પાલનનો રસ્તો બતાવે છે. જેના પર ચાલવાથી જીવ કાયમ માટે મોહરાજાના અનુશાસનમાંથી મુક્ત બની અનંત આનંદનો અનંત સુખનો સ્વામી બને છે.

દેખતુ અઘરૂપાલન પરિણામે અનંતસુખ પહોચાડે છે. માટે જ અનુશાસન તો માત્ર અને માત્ર ધર્મશાસનનું ધર્મતીર્થનું જ યાદ રહે જે માનવ જિન અનુશાસનને જાણતો નથી તે મરણ અસમાધિ અને અકામ મરણ પામશે.. પ્રભુના અનુશાશન વગર કોઈ જીવનો ક્યારે પણ છુટકારો નથી જ.

જિનનું આ અનુશાસન પામી સ્વીકારી પાલન કરી અનંતા આત્માઓ કાયમી અવ્યાબાધ સુખના સ્વામી બન્યા છે. સંપૂર્ણ સુખી થવાનો એક માત્ર માર્ગ એટલે જ જિનદેવના અનુશાસનનો સહર્ષ સ્વીકાર સંપૂર્ણ પાલન.

**પં.શ્રી ગુણસુંદર વિજયજી ગણી**

# મોટી ઈસરોલ રામદેવ સેવા સમિતિ દ્વારા પોસાલીયામાં આયોજિત ગુજરાતી વિસામાનું મહાઆરતી સાથે સમાપન

## ૮૦ હજાર યાત્રિકોએ લાભ લીધો






પ્રતિનિધી અરવલ્લી

અરવલ્લી રામદેવ યાત્રિ સેવા સમિતિ, મોટીઈસરોલ દ્વારા સતત ત્રીજા વર્ષે પોસાલીયા રામદેવ સેવા સમિતિના સહયોગથી પોસાલીયામાં ૧૨. ૮.૧૯ થી ૧૧.૯.૧૯ સુધી આયોજિત ભંડારાનું મહાઆરતી સાથે સમાપન થયું હતું.૩૦ દિવસીય આ વિસામામાં ૮૦ હજારથી વધુ યાત્રિકોએ ભોજન પ્રસાદ, નિવાસ સહિતની સુવિધાનો લાભ લીધો હતો.

રણુજા જતા પદયાત્રી સહિત તમામ યાત્રિકો માટે ચા-નાસ્તો,ભોજન,રાત્રી રોકાણ, મેડિકલ સેવા સહિતનો વિસામો - ભંડારો પોસાલીયામાં(સિરોહી નજીક પાલી રોડ,રાજસ્થાન) આ ભંડારાનું સિરોહી જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી પાયલ પરસુ રામપુરીયાની અધ્યક્ષતામાં અને સિરોહી પોસાલીયા સરપંચ રાજેન્દ્રકુમાર માલી, અતિથી વિશેષ પદે ભંડારા સમાપન સમારોહ સંપન્ન થયો હતો..રામદેવજી ભગવાનની અસીમ કૃપાથી પૂ.હીરાદાદાના આશીર્વાદ પ્રેરણાથી કુલ ૧૯ વર્ષથી ચાલતા વિસામા પૈકી ચાર વર્ષથી પોસાલીયા ગ્રામજનોના ઉમદા સહયોગ-સેવાભાવથીનો પોસાલીયામાં હાઈવે ઉપર ચલાવવામાં આવે છે.

ભંડારા સમાપન સમારોહનું સંચાલન પોસાલીયા નિવૃત્ત આચાર્ય શ્રીમાન હમીરસિંહ રાવે કર્યું હતું અને સહયોગીઓની સેવાઓને બિરદાવી ફુલહાર અને સાફાઓ પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં ખૂબ મોટી સંખ્યામાં ગ્રામજનો, યુવાનો, માતાઓ, બહેનો સૌ ગ્રામજનોની ઉપસ્થિતમાં મહાઆરતીનો લાભ લઈ મહાપ્રસાદ સાથે ભંડારાનું સમાપન કરવામાં આવ્યું હતું.

સમાપન અવસરે સરપંચ રાજેન્દ્ર કુમાર માલી,ઉપરાંત નિઃશુલ્ક સેવાઓ આપનારાઓમાં જમીન સેવા દાતા મોતીલાલજી, મિનરલ વોટર સેવા આપનાર નિવૃત્ત સનંદી અધિકારી દેવારામજી, શાકભાજી સેવાદાતા ઉમેદજી વિસાજી,લાઈટ-પંખા-એરકુલર સેવાદાતા લલિતકુમાર માલી, વિડીયો સેવા પ્રવીણભાઈ, ટેન્કર સેવાધારી શેલસિંહજી રાઠોડ, ફોટોગ્રાફી સેવા ભરત માલી, અને સાફો તેમજ ફુલહારથી વિશેષ સન્માન કરાયું હતું. આ સેવામાં સતત રાતદિવસ ખડેપગે સેવામાં કાર્યરત રહેલા બિટુભાઈ શાહ, પોસાલીયાના નિવૃત્ત આચાર્ય, વરિષ્ઠ પત્રકાર હમીરસિંહજી રાવ, કાલુરામ મહારાજ, કિશોરસિંહ દેવડા, જિલ્લા મંત્રી નરપતસિંહ દાનસિંહ દેવડા,શેતાનસિંહ દેવડા, લાડુરામજી માલી, પોખરાજજી માલી, પેમારામ, ભુરજી, રસોયા મહારાજ સોહનજી, રાજુભાઈ લાદુરામ માલી, ઈન્દ્રસિંહ હમીરસિંહ રાવ,ગણેશજી મીના, ભરતભાઈ મીના, રામજીભાઈ મીના, સુમિત, જેઠારામ માલી, સુરેશ માલી, ભાગીરથ વિશ્નોઈ, વિક્રમભાઈ મીના, ભોપારામજી મીના, લક્ષ્મણ મીના,,નરેશ સતારામજી મીના,ગણેશ સખારામજી મીના, બળવંત, જિતેન્દ્ર મીના, મનોહર મીના, નરેન્દ્ર મીના,અમૃત મીના, અરવિંદ ગરક, પ્રતાપ ગણેશજી મીના,છોગો બા મીના,ગામના અગ્રણી સસારામજી ગર્ગ, શિવરાજની વોટર સપ્લાય ટિમ સહિત અન્ય સહયોગી યુવાન સેવાધારીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રમોસથી નિવૃત્ત સનંદી અધિકારી જયંતિભાઈ પટેલ, પ્રેમજીભાઈ, પીનાકીનભાઈ, બાયલથી ભૂલાભાઈ પટેલ વકીલ, મોટી ઈસરોલથી,કાનજીભાઈ ધર્માભાઇ પટેલ,રેલકંપાથી વિનુંભાઈ પટેલ અને રડોદરા થી ડાહ્યાભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.આ અવસરે બાલોતરા પાસે આસોતરા ખાતે બ્રહ્માજી મંદિર, બ્રહ્મધામ ટ્રસ્ટના અને રાજસ્થાન સમાજના મહામંત્રી આદરણીય બાબુલાલજી પુરોહિત, હિંમતનગર અને યુવા ઉદ્યોગપતિ ચિંતનભાઈ પુરોહિત, મુંબઈ સ્થિત દાતા અશોકભાઈ પટેલ મુંબઈ સ્થિત વિનોદભાઈ શેઠ,ભંડારામાં સ્ટીલની ૫૦૦ ડિશો ભેટ કરનાર અમદાવાદ સ્થિત વરથુંના વતની દાતા પ્રભુદાસભાઈ એલ. પટેલ (વરથું) તેમજ અહીં જરૂરિયાત મુજબના ઘઉં આટાના દાતા મોટી ઈસરોલ,વરથું અને રાજપુર (મહાદેવગ્રામ)ના ગ્રામજનોને પણ પણ આ પ્રસંગે ખાસ યાદ કરી તેમના સહયોગ સેવાઓની નોંધ લેવામાં આવી હતી અને આભાર દર્શન ધન્યવાદ પાઠવવામાં આવ્યા હતા.

આ પ્રસંગે વિસામા સંચાલક પ્રભુદાસ પટેલે અને બીટુભાઈએ પોસાલીયા ગામના તમામ વડીલો,યુવાનો,બહેનો,બુઝુર્ગો,સર્વે સેવાધારીઓનું તેમની સરાહનીય સેવાઓ માટે તમામ પ્રત્યે હદયથી આભારની લાગણી વ્યક્ત કરવા સાથે આગામી વર્ષે પણ ૨૦ મા ભંડારા માટે આવા જ ઉષ્માભર્યા અપેક્ષા વ્યક્ત કરી હતી.

# માલપુરના કોઝવે પર ધસમસતાં પાણીમાંથી તણાયેલા ત્રણ બાઈક સવાર યુવકોને સ્થાનિકોએ બચાવ્યા



પ્રતિનિધી અરવલ્લી

અરવલ્લી જીલ્લામાં સાર્વત્રિક વરસાદ થતા જળાશયો અને નદી-નાળા બે કાંઠે વહી રહ્યા છે માલપુર પંથકમાં ૩ ઈંચ વરસાદ ખાબતા કોઝવે પર પાણી ફરી વળતા અનેક ગામો સંપર્ક વિહોણા બન્યા હતા ગોરીયા ગામ નજીક આવેલ કોઝવે પર પાણી ફરી વળતા વાહનવ્યવહાર થંભ્યો હતો બાઈક સવાર ત્રણ યુવકોએ કોઝવે પરથી પસાર થતા પાણીમાં બાઈક સાથે તણાતા સ્થાનિક લોકોએ દોડી જઈ બચાવી લીધા હતા આ ઘટના અંગેનો વિડીયો વાઈરલ થતા કોઝવેના કિનારે ઉભેલા લોકો "ગાડી ઉડી ગઈ તણાઈ પકડો" ની બૂમો મારતા સ્પષ્ટ સાંભળી રહ્યા છે

રાજ્યમાં મેઘરાજાએ ધોધમાર હેત વરસાવ્યું છે ચાલુ વર્ષે અનેક વાહન ચાલકો અને લોકો ધમધસતાં પાણીના પ્રવાહમાં તણાયા હોવાની ઘટનાઓ બની છે કેટલાક વાહન ચાલકો જીવન જોખમે અને અન્ય લોકોની જિંદગી જોખમાય તે રીતે કોઝવે પર અને ડીપ પરથી પસાર થતા પાણીમાં વાહન નાખી રોડ પસાર કરવાનું જોખમ લેતા હોય છે માલપુર પંથકમાં ભારે વરસાદને લઈને ગોરીયા ગામ નજીક આવેલા કોઝવે પર પાણી ફરી વળતા સ્થાનિક લોકો અને વાહનચાલકો ઉભા રહી ગયા હતા ત્રણ લબરમૂછિયા યુવકો બાઈક પર કોઝવે પરથી પસાર થતા ધમધમતા પાણીના પ્રવાહમાંથી પસાર થવાનો પ્રયત્ન કરતા પાણીના વહેણમાં બાઈક સાથે ત્રણે યુવકો તણાતા સ્થાનિક લોકોએ ત્રણે યુવકોને બાઈક સાથે બચાવી લેતા સદનસીબે જાનહાની ટળી હતી.

# "સ્વચ્છ ભારત મિશન" એનસીસીની કેરળથી દિલ્હી સુધીની સાયકલ યાત્રા શામળાજી પહોંચતા ઉષ્માભેર સ્વાગત



પ્રતિનિધી અરવલ્લી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છતા અભિયાનને સમર્થન આપવાની સાથે પ્રજાજનોની જનજાગૃતિ માટે એનસીસી દ્વારા "સ્વચ્છ ભારત મિશન" યાત્રા એનસીસી કેડેટના સાયકલિસ્ટ દ્વારા કેરળથી દિલ્હી સુધી સાયકલ યાત્રા યોજી છે મહારાષ્ટ્ર માંથી ગુજરાતમાં પ્રવેશી સાયકલ યાત્રા શામળાજીના શ્યામલ વન ખાતે આવી પહોંચતા જીલ્લા પોલીસવડા મયુર પાટીલ, પ્રાંત અધિકારી ઈલાબેન આહીર, ગુજરાત અને રાજસ્થાનના એનસીસીના હેડ અને શ્યામલ વનના આર.એફ.ઓ ભાટી ઉપસ્થિત રહી ઉષ્માભેર સ્વાગત કરી આવકાર્યા હતા જીલ્લા પોલીસ વડા મયુર પાટીલે લીલી ઝંડી બતાવી સાયકલ યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું.

# બાયડ વાત્રક પુલ નજીક એસટી બસે બાઈકને ટક્કર મારતા વાંટડાના ૧૮ વર્ષીય યુવકનું મોત



પ્રતિનિધી સાબરકાંઠા

અરવલ્લી જીલ્લામાં બેફામ ગતિએ હંકારતા વાહનચાલકોને પગલે અકસ્માતની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે બાયડ નજીક વાત્રક નદીના પુલ પાસે એસટી બસે બાઈકને અડફેટે લેતા બાઈક સવાર યુવકના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર અર્થે વાત્રક હોસ્પિટલમાં ખસેડાતા સારવાર દરમિયાન મોત નિપજતા ભારે ચકચાર મચી હતી પરિવારજનોએ આક્રંદ કરી મૂક્યું હતું બાયડ પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતક યુવકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

બાયડ તાલુકાના વાંટડા ગામનો અને સસ્તા અનાજની દુકાનમાં તોલમાપની હંગામી નોકરી કરનાર યુવકનું અકસ્માતમાં મોત નિપજતા ગરીબ માતા-પિતા પર આભ તૂટી પડ્યું હતું વાંટડા ગામનો વિકાસ કુમાર મુકેશ ભાઈ પરમાર (ઉં.વર્ષ-૧૮) નામનો યુવક કામકાજ અર્થે સવારે કામકાજ અર્થે નીકળ્યો હતો વાત્રક નદીના પુલ નજીક બાયડ તરફથી આવતી બસ (ગાડી.નં.GJ -18 -Y ૨૪૨૮ ) ના ડ્રાઈવરે પુરઝડપે, બેદરકારી અને ગફલતભરી રીતે હંકારી બાઈકને ટક્કર મારતા બાઈક ચાલક યુવક વિકાસના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ સારવાર અર્થે વાત્રક હોસ્પિટલમાં ખસેડાતા સારવાર કારગત નીવડે તે પહેલા દમ તોડી દીધો હતો મૃતક યુવકના પરિવારજનો મોટી સંખ્યામાં દવાખાને પહોંચી આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી.

# મોડાસાના સિદ્ધિ વિનાયક મંદિરમાં ૭૨ કિલોની કેક કાપી ભગવાન ગણેશના જન્મ દિવસની ઉજવણી



પ્રતિનિધી અરવલ્લી

અરવલ્લી જિલ્લાના એક માત્ર જમણી સૂંઢવાળા ગણપતિ એવા મોડાસાના સિદ્ધિ વિનાયક મંદિરમાં દાદાનો જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. ગણપતિજીના જન્મદિવસની ઉજવણી કરવા માટે ભક્તો મોટી સંખ્યામાં તેમના ઘરેથી પ્રસાદનો ભોગ લઈને આવી પહોંચ્યા હતા. ગણેશજીના જન્મ દિવસની માટે ભક્ત દ્વારા ખાસ ૭૨ કિલોનો પ્રસાદ દાદાને ચઢાવવામાં આવ્યો હતો, અને આ કેક કાપીને ભગવાન ગજાનંદના જન્મદિવસની ઉલ્લાસભેર ઉજવણી કરાઈ હતી. ભક્તિ ભાવ સાથે ઉજવાયેલા જન્મદિવસ નિમિત્તે મોટી સંખ્યામાં દૂરદૂરથી ભક્તો ઉમટ્યા હતા.

મનોકામના સિદ્ધિ વિનાયક મંદિરની પ્રતિમા મુંબઈના સિદ્ધિ વિનાયક મંદિર જેવી જ છે, જેથી મોટી સંખ્યામાં દર્શનાર્થીનો ઘોડાપુર ઉમટે છે. ગણેશજીના જન્મદિવસને વિશેષ ઉજવણી કરી ભક્તોને આઈસક્રીમનો પ્રસાદ પણ પિરસવામાં આવ્યો હતો. મહત્વનું છે કે, સિદ્ધિ વિનાયક મંદિરની પ્રતિમા સ્વયંભૂ છે, અને ૨૦૦ વર્ષ જેટલી પ્રાચિન હોવાની પણ લોકવાયકા છે. મંદિરના તમામ આયોજનને મંદિરના પ્રમુખ શિવુભાઈ રાવલ અને મંત્રી રમેશભાઈ પંડ્યા તેમજ શાસ્ત્રી સચિન મહારાજ સહિત કાર્યકર્તાઓ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

પોસાલીયા રામરસોડા સમીપ શિવગંજ રોડ ઉપરની

# પૂ. હીરાદાદાએ મુક-બધિર માનસિક દિવ્યાંગ છાત્રોની આવાસી વિદ્યાલયની મુલાકાત લઈ શુભાશિષ પાઠવ્યા



પ્રતિનિધી અરવલ્લી

અરવલ્લી રામદેવ સેવા સમિતિ દ્વારા પોસલીયા સમિતિના સહયોગથી પોસાલીયામાં ચાલી રહેલા રામ રસોડાના સમાપનસમારોહની પૂર્વ સંધ્યાએ રામદેવ ઉપાસક પૂજ્ય હીરાદાદાએપોસાલીયા રામરસોડા સમીપ શિવગંજ રોડ ઉપરનીમુક-બધિર માનસિક દિવ્યાંગ ૫૦ છાત્રોની આવાસી વિદ્યાલયની મુલાકાત લીધી હતી અને પૂ. હીરાદાદાએ અનાથ બાળકો સહિતના તમામ છાત્રોને મળીને શુભાષિશ પાઠવ્યા હતા અને પૂ.બાવજીએ આ દિવ્યાંગ આવાસ વિદ્યાલયને પોસાલીયા રામ રસોડાના સમાપન પછી શેષ સામગ્રી,આટો, ઘી સહિતના. રસોડા સમાનને આ વિદ્યાલયમાં દાન કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. આ પ્રસંગેવિદ્યાલયના સંચાલક ભેરારામ ચૌધરીએ પૂ. હીરાદાદા બાવજીનું શાલ ઓઢાડીને અને સ્મૃતિ ચિહ્નન આપીને સ્વાગત કર્યું હતું.આ અવસરે સિરોહી જિલ્લા મંત્રી નરપતસિંહ દેવડા,રેલ કંપા વિનુભાઈ,ડાહ્યાભાઈ વગેરે પણ ઉપસ્થિત રહયા હતા. ઉલ્લેખનીય છે કે અહીં કુલ ૫૦ છાત્રો અભ્યાસ કરે છે.તેમાં ૧૪ અનાથ બાળકો છે.

# છેલ્લા પચ્ચીસ વર્ષથી અન્નપૂર્ણા વિસામા થકી લંકેશ પદયાત્રીઓની સેવા કરે છે



> આ મુદ્દે સરકાર સહિત સામાજિક આગેવાનો અને સંસ્થાઓ યો જાગૃત બને તો પ્લાસ્ટિક મુદ્દે આગામી સમયમાં ગુજરાત સરકાર કોઈ ઠોસ કદમ લઈ શકે તેમ છે જોકે હાલમાં લંકેશ તરીકે ખ્યાતનામ અભિનેતા અરવિંદ ત્રિવેદી ની કામગીરી ને હાલ પૂરતી આ વિસ્તારમાંથી પસાર થનાર તમામ પદયાત્રીઓ સહિત ગુજરાત સરકાર પણ નોધ લઈ રહી છે.તેમજ અરવિંદ ત્રિવેદીની આ મુહિમ માટે પ્રધાનમંત્રીને પણ રૂબરૂ જાણ કરીશ.
>
> **ભૂપેન્દ્રસિંહ ચુડાસમા શિક્ષણ પ્રધાન ગુજરાત સરકાર**

પ્રતિનિધી અરવલ્લી

ભાદરવી પૂનમ નિમિત્તે હજારો પદયાત્રીઓ જગત જનની જગદંબાને પોતાની નવરાત્રિમાં પધારવા માટે આમંત્રણ આપવા અંબાજી તરફ ચાલી નીકળ્યા છે ત્યારે લંકેશ પાત્ર થકી સમગ્ર વિશ્વમાં જાણીતા થયેલા અરવિંદ ત્રિવેદી અન્નપૂર્ણા નામના વિસામા થકી છેલ્લા ૨૫ વર્ષથી પદયાત્રીઓની સેવા કરી રહ્યા છે જોકે આ વર્ષે ૧૫ ઓગસ્ટે પ્રધાનમંત્રીએ પ્લાસ્ટિક ન વાપરવા ની અપીલને અરવિંદ ત્રિવેદી ગંભીરતાથી લઈ દસ હજારથી વધારે કાગળની બેગ પદયાત્રીઓને નિશુલ્ક આપી છે

તેમજ પ્લાસ્ટિક બંધ કરવાનો પણ અનુરોધ કર્યો છે આ બાબતે ગુજરાત રાજ્ય સરકારના શિક્ષણ પ્રધાન ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ અરવિંદ ત્રિવેદીની રૂબરૂ મુલાકાત લઈ તેમની કામગીરીને બિરદાવી હતી તેમજ તેમની આ બાબતને પ્રધાનમંત્રી સમક્ષ રજુઆત કરવાની સાથોસાથ પોતે આવું કામ નથી કરી શકતા તેનો એકરાર કર્યો હતો

જો કે સૌથી મહત્વની બાબત એ છે કે છેલ્લા ૨૫ વર્ષથી નિશુલ્ક વિસામા થકી પ્રધાનમંત્રી ની હાકલને પૂર્ણ ગંભીરતાથી સ્વીકારી સમગ્ર ગુજરાત સહિત રાજ્ય સરકારને પણ દિશા આપવાનો પ્રયાસ કર્યો છે.

# દુતી ચંદની દોહા વર્લ્ડ ચેમ્પિયનશિપ માટે પસંદગી થઈ

ન્યુ દિલ્હી

દુતી ચંદે મંગળવારે જાહેરાત કરી હતી કે આગામી દોહા વર્લ્ડ ચેમ્પિયનશિપ માટે ૨૫ સભ્યોની ટીમમાં તેની પસંદગી કરવામાં આવી છે, જે આ વર્ષે ૨૭ સપ્ટેમ્બરથી શરૂ થવાની છે. ચંદે ટ્વિટ કર્યું હતું કે, ૨૭ સપ્ટેમ્બરથી શરૂ થઈ રહેલી ઈ ડોહા વર્લ્ડ ચેમ્પિયનશિપ માટે મારી ૨૫ સભ્યોની રાષ્ટ્રીય ટીમમાં પસંદગી થઈ છે.

ચંદ આ વર્ષે નોંધપાત્ર દેખાવ કર્યો છે. તેણે નાપોલીમાં વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સમાં આ વર્ષની શરૂઆતમાં વિજેતા રહી હતી. ચંદે ટૂર્નામેન્ટમાં માત્ર ૧૧.૩૨ સેકન્ડમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. તે ૧૧.૨૪ સેકન્ડ સાથે ૧૦૦ મીટર નેશનલ રેકોર્ડ ધરાવે છે.

# ચેસ સ્પર્ધામાં વાસદની એસ.વી. આઈ.ટી.ની બહેનો ઝળકી



મનીષ જોષી

વડોદરા

નીઆ ાૅટૅક એન્જિનિયરિંગ કોલેજ ખાતે ગુજરાત ટૅકનાૅલાૅજીકલ યુનિવર્સિટીની આંતર ઝોનલ ચેસ સ્પર્ધા યોજાઈ હતી. તેમાં જી.ટી.યુ. સંલગ્ન પાંચ ઝોનની કુલ ૧૦ ટીમો હતી. તેમાંથી એસવીઆઈટીની બહેનોની ટીમ કુલ ૩ રાઉન્ડની અંતે ૮.૫ પોઈન્ટ સાથે દ્વતિય સ્થાને રહી હતી આ ચેસ ટીમની કેપ્ટન કુ. સચ્ચી દેસાઈની જી.ટી.યુ.ની ચેસ ટીમમાં પસંદગી કરવામાં આવીછે જે હવે પછી આંતરયુનિવર્સિટી ચેસ સ્પર્ધામાં જી.ટી.યુ.નું પ્રતિનિધિત્વ રાષ્ટ્રીયસ્તરેની ચેસ સ્પર્ધામાં કરશે.

# હિંમતનતગર ખાતે માતૃવંદના યોજનાની જાણકારી અંગે કાર્યશાળા યોજાઈ



પ્રતિનિધી સાબરકાંઠા

સર્ગભાવસ્થા દરમિયાન માતા -બાળમરણને નિવારી શકાય તે માટે ગર્ભાઅવસ્થામાં જ માતાઓને સુપોષિત કરી શકાય તે માટે કેન્દ્ર સરકાર દ્વારા 'પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના' અમલી છે.આ યોજનામાં સગર્ભા મહિલાને પ્રસુતિ પૂર્વે અને બાળકના જન્મ પછી તેના શારીરિક વિકાસ માટે ઉપયોગમાં આવે તે માટે રૂ પાંચ હજારની સહાય ચૂકવવામાં આવે છે. જેની નજીકના આંગણવાડી કેન્દ્ર અથવા સરકારી દવાખાનામાં નોંધણી કરાવવાની હોય છે. યોજનાનો લાભ ગર્ભધારણ સમયથી બે વરસ સુધીના ગાળા દરમિયાન મળી શકે છે. સાબરકાંઠા જિલ્લામાં પણ આ યોજના અંતર્ગત અત્યાર સુધી જિલ્લાની ૧૫,૨૧૯ સર્ગભા-ધાત્રી માતાઓને રૂ. ૫.૩૧ કરોડની સહાય ચુકવવામાં આવી છે. સાબરકાંઠા જિલ્લામાં પણ પ્રધાનમંત્રી માતૃવંદના યોજનાનો વ્યાપ વધે તે માટે આઈસીડીએસ વિભાગના ઉપક્રમે આંગણવાડી કાર્યકરોનો એક દિવસીય કાર્યશાળા યોજાઈ હતી. જેમાં પોષણ અભિયાન અંતર્ગત કાર્યકર બહેનોને સ્માર્ટ મોબાઈલ લોન્ચીગ કરવામાં આવ્યા હતા. કાર્યશાળામાં સાબરકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી રતનબેન સુતરીયા ઉપસ્થિત રહ્યા હતા. જેમના હસ્તે કાર્યકર બહેનોને મોબાઈલ વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યશાળામાં પ્રોગ્રામ ઓફિસર જયોત્સનાબેન પ્રજાપતિ, સી.ડી.પી.ઓ તથા પ્રોગ્રામ મેનેજર મુખ્યસેવિકા તેમજ મોટી સંખ્યામાં કાર્યકર બહેનો ઉપસ્થિત રહી હતી.

**દાંતીવાડામાં...**

**પાના નં.૧ ચાલુ**

ઉપર ડમ્પરના ટાયર ફરી વળ્યાં હતા અને એટલી હદે દુર્ઘટના ઘટી હતી કે જોનારના રોંગટા ઉભા થઇ જાય. બનાવની જાણ લોકોમાં થતા મોટી ભીડ એકત્રિત થઇ હતી.બનાવના પગલે ગણતરીના સમયમાં જ ૧૦૮ અને પોલીસ પણ આવી પહોંચી હતી.અને મૃતકોને દાંતીવાડા પીએચસી ખાતે પોસ્ટમોર્ટમ માટે લઇ જવાયા હતા.જ્યારે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

**થરાદ પંથકમા...**

**પાના નં.૧ ચાલુ**

બાજુ પાંચ પાંચ કિમીની વાહનોની કતારો જામી હતી. મલુપુરના ગ્રામજનોની મદદથી બાવળ હટાવાતાં દોડેલી પોલીસે વાહનવ્યવહાર પુર્વવત કરાવ્યો હતો. પ્રચંડ પવનના કારણે થરાદ, વાવ તાલુકાના કેટલાક થરાદ આજુબાજુના ગામોના ખેડુતોના ખેતરમાં ઉભેલો બાજરી અને જુવારનો રહ્યોસહ્યો પાકનો સોંથ વળતાં ભારે નુકશાન થતાં ચિંતાની લાગણી પ્રસરી જવા પામી હતી.ચક્રવાતમાં પવનનું જોર એટલી હદે હતું કે દુકાનદારો તથા રહીશોના આંગણે રહેલી અને બજારમાંથી ઘર તરફ જઇ રહેલા લારીધારકોની ચીજવસ્તુઓ પણ ઉડવા પામી હતી. વિજકંપની દ્વારા મોડી રાતે નગરના અમુક વિસ્તારોમાં વિજપુરવઠો ચાલુ કરાયો હતો. પરંતુ બાકીના વિસ્તારમાં ચાલુ કરવા ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. આ અંગે વિજકંપનીના સુત્રોએ જણાવ્યું હતું કે કોન્ટ્રાક્ટર અને વિજકંપનીના માણસો દ્વારા પડેલા પોલ હટાવી નવા ઉભા કરવાની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. પરંતુ શહેરની હાઇવે વિસ્તારની સોસાયટીઓમાં બારથી પંદર કલાક સુધી અને નગરની અંદરના કેટલાક વિસ્તારોમાં ૨૦ કલાક થવા છતાં પણ વીજપુરવઠો શરૂ થઇ શક્યો ન હતો. મામલતદાર કચેરીમાં ૫૦ મિમી વરસાદ નોંધાવા પામ્યો હતો.

**સમોમોટા ગામે...**

**પાના નં.૩ ચાલુ**

ઝાબડીયા, સદરપુર, ભીલડી વગેરે ગામોના હરિભક્તોને આનંદવિભોર સંતવાણી કરી આનંદિત વાતાવરણ સર્જી સંતોનું સામૈયુ આરતી વગેરે કરવામાં આવી હતી.

**જુનાડીસા રક્તદાન...**

**પાના નં.૩ ચાલુ**

આ માનવતાવાદી સતકાર્યનો સંદેશ સમગ્ર દેશમાં પહોંચાડવા યુવાનોને અનુરોધ કરેલ.ગામના યુવાનોએ ઉત્સાહભેર રક્તદાન કરતા ૫૨ થી વધુ બોટલ રક્ત એકત્ર થયું હતું.

મોહરમ પર્વની સાચા અર્થમાં સાર્થક ઉજવણી કાર્યક્રમના અધ્યક્ષ અને સનાતન હિન્દૂ સમાજના પ્રમુખ ભીખાભાઈ પઢીયાર અને આવા કાર્યક્રમોના પ્રખર હિમાયતી ઈબ્રાહિમભાઈ ચાવડાએ પ્રાસંગીક પ્રવચન કરેલ. આ પ્રસંગે સરપંચ બબાભાઈ દેસાઈ, નજીરભાઈ ઘાસુરા, ડે. સરપંચ ફારૂકભાઈ દાણી, જયેશભાઇ દેસાઈ, રમેશભાઈ અનાવાડીયા, બાબુભાઇ બારોટ, જેન્તીભાઈ પુનડિયા, ડાયાભાઇ પ્રજાપતિ, ભરત સોની, જીતુ મંડોરા,હનીફ ઘાસુરા, મોઇન સિંધી, મહેન્દ્રભાઈ અનાવાડીયા,મુકેશ ત્રિવેદી સહિત હિન્દૂ મુસ્લિમ સમાજના આગેવાનો અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.મેડિકલ ઓફિસર કપૂર જાટ અને સ્ટાફે સહયોગ આપ્યો હતો.કાર્યક્રમનું સંચાલન અલ્માસ ઘોરીએ કર્યું હતું.

**મહામેળા પ્રસંગે...**

**પાના નં.૩ ચાલુ**

સ્વચ્છતા ડ્રાઇવ માટે અંબાજી ગામને ૪ રૂટમાં વહેંચીને ટીમ લીડરના નેતૃત્વ હેઠળ અધિકારીઓની ટુકડીઓ બનાવી સ્વચ્છતા કરવામાં આવી હતી. અધિકારીઓએ હાથમાં ઝાડુ-સાવરણી પકડીને સફાઇ કરી હતી તેમજ ગટરોની પણ સફાઇ કરી હતી. જેમાં રૂટ નં. ૧ આઝાદ ચોકથી પોસ્ટ ઓફિસ- જુની હોસ્પિટલ, હનુમાન મંદિરથી ગ્રામ પંચાયત કચેરી પાછળનો રસ્તો-જુની કોલેજ સુધી, રૂટ નં. ૨ માનસરોવરથી હાઇસ્કૂલ થઇને કૈશાલ ટેકરી ત્રણ રસ્તા, અજય માતા ચોકથી ભાટવાસથી દશામાતા મંદિર સુધી ગંગોત્રી પેટ્રોલ પંપ, રૂટ નં. ૩ જુની કોલેજ, પંચાયત રેસ્ટ હાઉસ ભોળવા કુવા સુધી શક્તિ દ્વારા સોસાયટીવાળો રસ્તો અને રૂટ નં. ૪ અંબિકા કોલોની તરફ ગેટ નં. ૫નો રસ્તો લાલ ટાં- કીથી પ્રાથમિક શાળા થઇને મહાકાળી ધર્મશાળા તરફના રસ્તાનો સમાવેશ થાય છે.

અંબાજીમાં અધિકારીઓ દ્વારા કરવામાં આવેલ સ્વચ્છતા ડ્રાઇવમાં કલેકટર સંદીપ સાગલે, જિલ્લા વિકાસ અધિકારી અજય દહીયા,પોલીસ અધિક્ષક અજીત રાજયાન, નાયબ વન સંરક્ષક(નોર્મલ) ડૉ.અંશુમાન, નિવાસી અધિક કલેકટર એલ.બી.બાંભણીયા, વહીવટદાર એસ.જે.ચાવડા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક આર.વી.વાળા, દાંતા પ્રાંત અધિકારી કુસુમબેન પ્રજાપતિ સહિત તમામ પ્રાંત અધિકારીઓ અને જિલ્લાના અધિકારીઓ જોડાયા હતાં.

**ડીસા ખાતે...**

**પાના નં.૩ ચાલુ**

સભ્યો નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કરી રહેલ છે. આ અગાઉના ૧૯ મણકાના સહયોગીઓ સર્વ મહેન્દ્રભાઈ પટેલ, ભગવાનભાઈ બંધુ, શાંતીભાઈ વકીલ, જયંતિભાઈ ઓઢાવાળા, પ્રહલાદભાઈ સોની, છગનભાઈ સોની, દેવચંદભાઈ ચોકસી, દયારામભાઈ આર. ઠક્કર, નાથાલાલ ખત્રી, વાડીભાઈ એમ.ઠક્કર, દિલીપભાઈ સોની હાથુજી ગેલોત, રમેશભાઈ એમ.કોટક, મનુભાઈ એમ.જોષી, ગુલાબસિંહજી તેમજ કેશાભાઈ (માટાવાળા), દીલીપભાઈ નવરંગવાળા, ધીરૂભાઈ કાનાબાર, ગણપતભાઈ અખાણી, આદેશ આશ્રમ થરાદ સહિત કાર્યક્રમમાં શંકરતીર્થ આશ્રમ સાણંદથી પૂજ્ય આનંદમૂર્તિજી મહારાજ પધારી જીવનલક્ષી મહારાજ પધારી જીવનલક્ષી વિશેષ માર્ગદર્શન ગીતાના માધ્યમથી આપનાર છે.

"જ્યોતસે જ્યોત જગાવો"ના સંપાદક કનુભાઈ આચાર્ય તેમજ આનંદ સત્સંગ પરિવાર ડીસાના સૌ સક્રિય સભ્યો પૂજ્ય સદગુરૂદેવ આનંદ મૂર્તિજીની વાણીનો લાભ વધારે લોકો સુધી પહોંચે તેવા પ્રયત્નો કરી રહે છે. પૂજ્ય સદગુરુદેવની સાથે પૂજ્ય નંદુબા, પૂજ્ય પ્રશાંતમૂત્રિજી મહારાજ, પૂજ્ય બાળનાથજી મહારાજ વિગેરે પણ પધારનાર છે.પૂનમચંદ પ્રણવજીભાઈ ઠક્કર પરિવારના નાનકભાઈ ઠક્કર સહિત સમગ્ર પરિવારના સૌ સભ્યો પણ પૂજ્ય સદગુરુદેવના દર્શન માટે આતુરતા પૂર્વક રાહ જોઈ રહેલ છે.

**દાંતાના જય...**

**પાના નં.૮ ચાલુ**

અને ડીસા પ્રાંત અધિકારી હિરેન પટેલ ઉપસ્થિત રહી કાર્યકર્તાઓનો ઉત્સાહ વધાર્યો હતો અને કાર્યકર્તાઓની સેવાને બિરદાવી હતી. આ સાથે આ કેમ્પમાં લાઈવ ઓરકેસ્ટ્રા સાથે અલગ-અલગ કલાકારો સાથે મનોરંજન પૂરૂં પાડવામાં આવે છે જમા મધુ ચેલાણી, કાજલ મહેરીયા વગેરે જેવા નામાંકિત કલાકારો ના તાલે ભકતો ઝૂમી ઉઠયા હતા. આ બાબતે હિતેશભાઈ ઠક્કર અને દીપક ઠક્કર એ જણાવ્યું હતું કે કેમ્પમાં આવતા તમામ યાત્રાળુઓને પ્રેમથી જમાડાય છે અને આરામ અને ભોજનની ઉત્તમ સુવિધા આપવામાં આવે છે.

**અંબાજી મહામેળામાં ...**

**પાના નં.૮ ચાલુ**

ભંડારામાં આવેલી દાનની રકમ પૂરેપૂરી રોજેરોજ બેંકમાં જમા કરાવવામાં આવે છે. આ વખતના મહામેળામાં ૩ દિવસ માં ભંડારામાં રોકડા ૭૨ લાખ ૪ હજાર ૫ સૌ ૭૦ રૂપિયા દાન તરીકે આવેલા છે જે બેંકમાં જમા કરાવી લીધેલ છે. અને ભંડારામાં આવતા સોના ચાંદી ના દાગીનાને મંદિર ના અધિકૃત કરાયેલા સોની દ્વારા ખરાઈ કરાયા પછી મંદીરના સ્ટ્રોંગ રૂમમાં મૂકી દેવામાં આવે છે.

# સ્થાનિક બજાર ભાવ

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **ચોકસી બજાર** | (કીલોના) | ઈ.ગેટ સુપર ૫ કી. | ૧૧૬૦૦ | એપ્પલ પ્રીમીય | ૪૮૦૦ | વડેચા ગોલ્ડ ૧૦ કે | ૫૦૦૦ |
| **ચાંદી ચોરસા** | **૪૮૩૦૦-૪૮૬૫૦** | ઈ.ગેટ સુપર ૧ કી. | ૧૧૦૦૦ | ઓરેન્જ | ૬૦૦૦ | વડેચા રજી ૧૦ કે. | ૫૩૦૦ |
| રૂપુ કાચું | ૪૮૩૦૦-૪૮૬૫૦ | ઈ.ગેટતીબાર ૨૫ કી. | ૮૪૦૦ | દાવત અપ્સરા | ૫૦૦૦ | વડેચા ૫ કી. | ૪૫૦૦ |
| સોનુ તોલો | ૩૮૩૦૦-૩૮૬૦૦ | ઈ.ગેટ તી બાર ૧૦ કી. | ૮૫૦૦ | જીરાસર ચંદન | ૩૮૦૦ | વડેચા ૧ કી. | ૪૫૦૦ |
| **તેલ બજાર** | | ઈ.ગેટતીબાર ૫ કી. | ૮૭૦૦ | ચણાદાળ ૪૪૪ | ૭૧૦૦ | વડેચા ૨૫૦ ગ્રામ | ૫૦૦૦ |
| **રાધે પામોલીન** | **૧૦૨૦** | ઈ.ગેટતીબાર ૧ કી. | ૮૭૦૦ | મગદાળ સમરદીપ | ૭૨૦૦ | સાંગલી ૧૦ કે. | ૪૫૦૦ |
| પામોલીન | ૧૦૨૦ | ઈ.ગેટ દુબાર ૨૫ કી. | ૮૫૦૦ | મગમોગર રીયલ | ૮૦૦૦ | **ખોળ બજાર** | **૧૦૫૦-૧૧૦૦** |
| સોયા રીફાઈન | ૧૩૯૦ | ઈ.ગેટ દુબાર ૧૦ કી. | ૮૫૦૦ | અડદદાળ અક્ષર | ૮૩૦૦૦ | દાણ ૭૦ કી.ગ્રા. | ૯૫૦-૧૧૫૦ |
| રાયડાતેલ ૧૫કી. | ૧૩૧૦ | ઈ.ગેટ દુબાર ૫ કી. | ૮૫૦૦ | મગ | ૫૭૦૦ | મોરબી ખોળ | ૧૦૫૦-૧૨૦૦ |
| **સીંગતેલ૧૫ કી.** | **૧૯૪૦** | ઈ.ગેટ દુબાર ૧ કી. | ૮૦૦૦ | અંગુર તુવેરદાળ | ૯૪૦૦ | જીરાળુ | ૧૬૫૦ |
| સીંગતેલ ૧૫ લી. | ૧૮૨૦ | દુન પ્રીમીયમ | ૧૧૦૦૦ | અંગુરતુવેરદાળઆયાતી | ૮૦૦૦ | ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. | ૯૨૦-૧૫૪૦ |
| **સીગતેલ ૫ લી.** | **૫૮૫** | દુન તીબાર ૨૫ કી. | ૯૦૦૦ | ગાય છાપ તુવેરદાળ | ૬૦૦૦ | મકાઈ ૩૫ કી.ગ્રા. | ૭૮૦ |
| તિરૂપતી કપા. | ૧૪૧૦ | દુન તીબાર ૧૦ કી. | ૮૦૦૦ | કિસાન તુવેરદાળ | ૬૨૦૦ | જવ ભરડો ૩૫ કી.ગ્રા. | ૭૪૦ |
| ૫ લીટર | ૪૫૭ | નર્મદા મગ પોલીસ | ૭૪૦૦ | પરખ ગોલ્ડ પ્રીમીયમ | ૬૦૦૦ | **પરચુરણ** | |
| વનસ્પતિ ઘી | ૮૨૦ | મગદાળ નર્મદા સુપર | ૭૬૦૦ | પરખ સ્પેશીયલ | ૫૨૦૦ | સોજી | ૯૬૦ |
| કોપરેલ ૧૫ કિલો | ૨૫૬૦ | નર્મદા મગ મોગર | ૮૦૦૦ | લાલપરી તીબાર જુના | ૪૨૦૦ | મેંદો | ૯૬૦ |
| ૫ કે. કોપરેલ | ૮૫૦ | મગમોગરનર્મદાપ્રીમી | ૭૪૦૦ | લાલપરી દુબાર જુના | ૩૮૦૦ | શ્રીફળ એમ. | ૧૧૫૦ |
| પલી. અંકુર સીંગતેલ | ૫૮૩ | નર્મદા અડદદાળ | ૭૨૦૦ | લાલપરી સ્પેશી.નવા | ૪૪૦૦ | નિરમા સાબુ | ૫૨૫ |
| **૧૫ લીટર સનફલાય** | **૧૩૭૦** | ઈન્ડિયા ગેટ મીની જુના | ૪૫૦૦ | લાલપરી દુબાર નવા | ૩૯૦૦ | મેદી | ૬૦-૧૦૦ |
| લંગર રાયડા તેલ ૧૫ કી. | ૧૩૦૦ | ઈન્ડિયા ગેટ મોગરો | ૫૦૦૦ | રોયલ ટેસ્ટ બાસમતી | ૪૦૦૦ | અજમો | ૧૪૦-૨૪૦ |
| ૫ લી. | ૪૦૫ | ઈન્ડિયા ગેટ કણકી | ૨૮૦૦ | લાલમંદિર બાસમતી | ૩૬૦૦ | સાકરીયા | ૪૦૦૦ |
| ૨ લી. | ૧૭૨ | ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા | ૮૨૦૦ | **ખાંડ બજાર** | | ખાંડ બુરૂ | ૪૦૦૦ |
| **ચોખા-દાળ બજાર** | | તુવરદાળ કૃષ્ણા | ૭૦૦૦ | (બોરીના ભાવ) | | કોકમ ફુલ | ૨૫૦ |
| (૧૦૦ કીલોના ભાવ) | | તુવરદાળ રેંટીયો કિ.૫ | ૯૦૦૦ | **ખાંડ એસ.** | **૩૫૦૦** | એલચી | ૩૫૦૦ |
| કીચન ચેમ્પીયન કલાસીક | ૮૫૦૦ | તુવરદાળ ખીડીયાર | ૬૧૦૦ | **ખાંડ એમ.** | **૩૫૦૦-૩૬૫૦** | મોરૈયો | ૯૦-૧૧૦ |
| કીચન ચેમ્પીયન સુપર | ૭૭૦૦ | લાલ કીલ્લો મેજીસ્ટીક | ૯૦૦૦ | ખાંડએલ. | ૩૬૦૦-૩૬૫૦ | તલ | ૧૨૦-૧૫૦ |
| કીચન ચેમ્પીયન તીબાર | ૭૨૦૦ | લાલ કીલ્લો પ્રીમીયમ | ૮૦૦૦ | **ચા-બજાર** | | ખસ-ખસ | ૩૫૦-૮૦૦ |
| કીચન ચેમ્પીયન દુબાર | ૬૯૦૦ | લાલ કીલ્લો તીબાર | ૭૦૦૦ | સુરજ છાપ ચા | ૩૦૦ | સીંગદાણા | ૮૦-૯૦ |
| કીચન ચેમ્પીયન રોજાના | ૬૫૦૦ | લાલ કિલ્લો દુબાર | ૫૫૦૦ | હરણ છાપ ચા | ૨૨૦ | **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** | |
| કીચન ચેમ્પીયનમીની દુબાર | ૬૦૦૦ | લાલ કિલ્લો મોગરો | ૪૫૦૦ | **આખા મરચાં-હળદર** | | **દુધી** | **૨૦૦** |
| કીચન ચેમ્પીયન મોગર | ૫૫૦૦ | હેરીટેઝ એક્ષએક્ષએલ | ૯૮૦૦ | હળદર આખી રાજાપુરી | ૭૦-૧૨૦ | સુકી ડુંગળી | ૫૦૦-૬૦૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા | ૪૬૦૦ | હેરીટેજ તીબાર | ૮૫૦૦ | હળદર આખી રાજાપુરી ગટ્ટા | ૧૦૦-૧૪૦ | લસણ | ૧૮૦૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા | ૩૯૦૦ | હેરીટેજ દુબાર | ૬૨૦૦ | હળદર આખી સેલમ | ૯૦ | ધાણા | **૧૩૦૦-૧૮૦૦** |
| કીચન ચેમ્પીયન બ્રોકન | ૩૦૦૦ | હેરીટેજ મીની દુબા | ૫૨૦૦ | હળદર તળેલી સાંગલી | ૮૦ | **મરચાં** | **૫૦૦-૧૨૦૦** |
| દાવત ૧૧૨૧ કલાસીક | ૯૭૦૦ | કાયનાત પોપુલર | ૬૪૦૦ | મરચા વન્ડર હાટ | ૨૦૫૦ | **લીંબુ** | **૧૦૦૦** |
| દાવત ૧૧૨૧ કલાસીક | ૯૭૦૦ | કાયનાત સુપર | ૮૧૦૦ | મરચા વન્ડર મીડીયમ | ૧૭૦૦ | અડવી પત્તા | ૫૦૦-૭૦૦ |
| દાવત સ્પેસીયલ | ૮૦૦૦ | કાયનાત | ૭૪૦૦ | મરચા તેજા | ૧૮૦૦ | આદુ | ૮૦-૯૦ |
| દાવત | ૭૭૦૦ | કાયનાત પ્રીમીયમ | ૮૮૦૦ | મરચું ગંતુર મીડીયમ | ૧૯૦૦-૨૦૦૦ | **રીંગણ** | **૮૦૦** |
| દાવત તીબાર | ૮૦૦૦ | રાજા બાસમતી | ૪૦૦૦ | મરચા ટોમેટો | ૨૨૦૦ | ટામેટા | ૫૦૦-૬૦૦ |
| દાવત દિલખુશ | ૮૦૦૦ | કુરૂક્ષેત્ર | ૫૮૦૦ | મરચા ટોમેટો મીડીયમ | ૧૯૦૦ | **ભીંડા** | **૩૦૦-૪૦૦** |
| દાવત રોજાના | ૬૮૦૦ | પરી નં.૧ | ૯૫૦૦ | કાશ્મીરી | ૯૦ | કોબી | ૪૦૦-૫૦૦ |
| દાવત મોગરા | ૫૮૦૦ | પરી નં. ૭ તીબાર | ૯૨૦૦ | કાશ્મીરી મમરી | ૯૦ | વટાણા | ૮૦૦-૯૦૦ |
| દાવત મીની મોગરા | ૪૦૦૦ | પરી સુપર દુબાર | ૭૫૦૦ | સુપર પટની ૧૦૫ | | ટીંડસા | ૯૦-૧૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી. | ૧૪૦૦૦ | કાયનાત ખેનીટાઈમ | ૭૨૦૦ | સુપર રજવાડી | ૧૯૦ | ગવાર | ૮૦૦-૧૬૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી. | ૧૪૨૦૦ | | | મરચા ડેડીકટ ૧૨૫ | | **બાદશાહ બટાકા** | **૩૦૦-૩૨૦** |
| ઈ.ગેટ કલાસીક ૫ કી. | ૧૪૨૦૦ | | | મરચાં | ૫૮૦૦ | **સાંગા બટાકા** | **૧૪૦- ૨૦૦** |
| ઈ.ગેટ કલાસીક ૧ કી. | ૧૪૪૦૦ | | | **ગોળ બજાર** | | | |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી. | ૧૨૦૦૦ | | | | | | |
| ઈ.ગેટ સુપર ૧૦ કી. | ૧૨૦૦૦ | | | | | | |

# આસોદર ગામે જલઝીલણી એકાદશમી નિમિતે શોભાયાત્રા નીકળી

શ્રવણ બી.સાધુ



પ્રતિનિધિ આસોદર

થરાદ તાલુકાના આસોદર ગામે ભગવાન શ્રી રણછોડ રાયજીના મંદિરે જલજિલણી એકાદશમીની ઉજવણી કરવામાં આવી હતી. દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી કૃષ્ણ ભગવાનની શોભાયાત્રા નીકળી હતી.જેમાં ભક્તોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ શોભાયાત્રા નિજ મંદિરેથી નીકળી ગામમાં નગરચર્યા કરવામાં આવી હતી. ભગવાનને જળાભિષેક કરીને નવા વસ્ત્રો અલંકારો અને ઘરેણા પહેરાવીને ભગવાનની આરતી તેમજ પૂજા અર્ચના રામાનંદી સાધુ પરિવાર દ્વારા કરવામાં આવી હતી.

ભગવાનની શોભાયાત્રા દરમિયાન ઢોલ, નગારા, ઝાલર અને શંખનાદ અને અબીલ ગુલાલ ઉડાડીને ખૂબ ધામધૂમથી મનાવવામાં આવી હતી. શોભાયાત્રા ગામમાં નગરચર્યા કરીને નિજમંદિરે પરત ફરી હતી.

# ધાનેરા શહેરમાં ગણેશ મહોત્સવની પૂર્ણાહૂતિ

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા તાલુકાના ગામડાઓ સહિત શહેરીની વિવિધ સોસાયટીઓ અને શોપિંગ સેન્ટરોમાં ગણેશ મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે ધાનેરા ખાતે આવેલ શિવાજી પાર્ક સોસાયટીના રહીશો દ્વારા ભગવાન ગણેશજીની માટીની મૂર્તિ બનાવી તેની ધામધૂમથી સ્થાપના કરવામાં આવી હતી અને ભગવાનની સાત દિવસ આરતી અને રાત્રે રાસ ગરબાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું અને સાતમા દિવસે એટલે કે ભાદરવા સુદ દસમના દિવસે ગણેશજીની ડી.જે ના તાલે ભવ્ય શોભાયાત્રા નીકાળવામાં આવી હતી અને સોસાયટીના યુવાનો દ્વારા ધાનેરા ખાતેના મામા બાપજીના મંદિર ખાતે પાણીની ટાંકીમાં પાણી ભરી અને તેમાં ગણપતિજીની મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું

બીજીતરફ શિવાજીપાર્ક સોસાયટીમા આવેલ દાદા લાધુરામજીના ડેરા ખાતે મહેશ્વરી સમાજ દ્વારા પણ ભગવાન ગણેશજીની ડી.જે ના તાલે વાજતે ગાજતે ભવ્ય શોભાયાત્રા નીકાળી ધાનેરાના જાહેર માર્ગો પર ફરી ડેરા ખાતે સ્થાપના કરવામાં આવી હતી તેમજ ભોજન સ્વરૂપ પ્રસાદનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.સતત સાત દિવસ આરતી ઉતારી તેની પૂજા અર્ચના કરવામાં આવી અને ભાદરવા સુદ ૧૦ ના દિવસે ડી.જે ના તાલે વાજતે ગાજતે વિશ્વેશ્વર ખાતે મૂર્તિ નું વિસર્જન કરવામાં આવ્યું હતું.

# અમીરગઢમાં ગણેશ વિસર્જન

વિશાલ નાઈ



પ્રતિનિધિ અમીરગઢ

અમીરગઢમાં ગઈ તા ૨/૯/ના રોજ ગણેશ ચોથના રોજ અમીરગઢમાં ગણેશજીની સ્થાપના કરવામાં આવી હતી અને સાત દિવસ સુધી પૂજા આરતી આરાધના અને ભજન કીર્તન કરવામાં આવ્યું હતું અને દસમના રોજ સાંજે મહા આરતી અને ૫૬ ભોગનો પ્રસાદ ચડાવામાં આવ્યો હતો અને અગિયારસના રોજ ધૂમ ધામથી ઢોલ અને ડીજે સાથે સમગ્ર ગામમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી અને અમીરગઢના મુસ્લિમ સમાજ દ્વારા શોભા યાત્રાને વધાવી લેવામાં આવી હતી અને સમગ્ર સમગ્ર શોભાયાત્રા અને ગ્રામજનો માટે દૂધ કોલ્ડ્રિન્કનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ વીસર્જન કરાયું હતું.

# બાપલા ખાતે સગર્ભા બહેનોને મચ્છરદાનીનું વિતરણ

રમેશ તીરગર



પ્રતિનિધિ બાપલા

ગુજરાત રાજય આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના આદેશ અનુસાર અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને જિલ્લા મેલેરીયા અધિકારી પાલનપુરના માર્ગદર્શન મુજબ અને મેડિકલ ઓફિસર બાપલાના આયોજન મુજબ તા. ૯-૯-૧૯ના બાપલા પી.એચ.સી.ના પ્રસૂતિ ગૃહના દાતા પ્રવીણભાઈ શાહ, વી.એચ.એસ.સી.ના અધ્યક્ષ મોનાભાઈ પટેલ, પૂર્વ સરપંચ અજયભાઈ, એસ.એમ. સી.ના અધ્યક્ષ ખેમરાજભાઈના વરદ હસ્તે સગર્ભા બહેનોને મચ્છરદાની વિતરણ કરવામાં આવી.આ પ્રસંગે મે.ઓ.ડો. આર.બી.પાસવાને વાહક જન્ય રોગો અને અટકાયતી પગલા વિશે સમજ આપી મચ્છરદાનીનો ઉપયોગ ફાયદા બાબતે સમજ આપી. વડાપ્રધાનના જન્મદિવસ ઉજવણી પ્રસંગે પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન અંતર્ગત સગર્ભા માતાઓની તપાસ કરવામાં આવી હતી અને જોખમી સગર્ભા માતાઓને જરૂરી સારવાર આપવામાં આવી હતી.

# પદયાત્રિકોને કુંડલીની જાગૃતિ આત્મ સાક્ષાત્કારનો અનુભવ



પુષ્કર ગોસ્વામી

વડગામ

સામાન્ય રીતે અંબાજી પગપાળા જતાં યાત્રિકો માટે સેવાભાવી સંસ્થાઓ અને વ્યક્તિઓ દ્વારા ભોજન- ચા નાસ્તો-આરામ વગેરેની સુવિધાઓ ઉપલબ્ધ કરાવતાં કેમ્પ યોજતા હોય છે. પરંતુ આ વખતે વડગામ તાલુકાનાં જલોત્રા ગામ ખાતે પગપાળા યાત્રિકોને એક અનોખા અને નવતર પ્રયાસ રૂપે કુંડલિની જાગૃતિ અને આત્મ સાક્ષાત્કાર કરાવી સહજ ધ્યાન વિશે મનનીય અને જીવન ઉપયોગી માર્ગદર્શન પણ આપવામાં આવી રહ્યું છે. જલોત્રા ગામથી એક કિલોમીટર પહેલાં ગુજરાત રાજય સહજ યોગ પરિવાર દ્વારા આ સુંદર અને પ્રેરણાદાઈ આયોજન કરવામાં આવ્યું છે. ઘર આંગણે મળેલ આ લ્હાવો લેવા જેવો છે.

# નચિકેતા વિદ્યાતીર્થ ડીસાનું ગૌરવ





તા.૭-૯-૧૯ના રોજ ડાંગીયા મુકામે ખેલમહાકુંભ વતી જીલ્લા તરણસ્પર્ધાનું આયોજન રાખેલ. તેમાં નચિકેતા વિદ્યાતીર્થ ડીસા રખેવાળ પ્રેસની સામે, અંબિકાચોક શાળામાંથી બે સ્પર્ધક પટેલ સ્વરા મિતેષભાઈ ધો-૪ (ઉ.૯વર્ષ) તેમજ પટેલ નિષ્ઠા શૈલેષભાઈ ધો-૫ઉ.૧૦ વર્ષ) તરણ સ્પર્ધામાં ભાગ લીધેલ બંન્ને દીકરીઓ એ તરણમાં ખુબ જ સરસ કૌશલ્ય મેળવેલ છે. તેમા નિષ્ઠા શૈલેષભાઈ પટેલ બનાસકાંઠા જીલ્લામાં પ્રથમ ક્રમાંક મેળવી સ્કૂલનું ગૌરવ વધારેલ છે.

# વૈચારીક આંદોલનઃ હિસા મુક્ત વિશ્વઃહેમચંદ્રસુરીજી મ.સા.

ડીસા

વૈરાગ્ય દેશના દક્ષ શ્રુતપ્રેમી પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ. સાહેબે પર્યુષણ પર્વના અમારી પ્રવર્તન કર્તવ્યના પ્રવચનમાં ફરમાવેલ છે. કે ચારે બાજુ હિંસાનો દાવાનળ પ્રગટેલ છે. હુંડીયામણ પ્રાપ્ત કરવા ખોરાક માટે શોધ સંશોધન બાબતે બલીપ્રથા સૌંદર્ય પ્રસાદનો જેવી અનેક બાબતે અબજો પશુ પંખીઓની બેરહમ હિંસા થાય છે. પૂર્વના કાળમાં "મહાજન" સંસ્થાનું શાસકો અને પ્રજાજનો ઉપર પ્રભુત્વ હતું. આજે આપણે ક્યા? આ બાબતે દરેક નાગરીક દરરોજ પોતાના ઈષ્ટદેવ પરમાત્માને પ્રાર્થના કરે આ વિશ્વ હિંસાથી મુક્ત થાય તેવું વૈચારીક આંદોલન ચાલુ કરવા માં આવે તેમજ જૈન આરાધકો દરરોજ ઓછામાં ઓછી એક માળા શંખેશ્વર પાર્શ્વનાથદાદા નો જાપ કરે તેથી પણ હિંસામાં અટકાવ આવી શકે છે.

# જાલોઢા ખાતે મચ્છરદાની અને કીટનું વિતરણ

નવીન દોશી



(પ્રતીનીધી ) પાલડીમીઠી

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તેમજ તાલુકા આરોગ્ય અધિકારી ડો.બ્રિજેશ વ્યાસના માર્ગદર્શન હેઠળ ગત તા.૭-૯-૧૯ના દિવસે દિયોદર તાલુકાના ધારાસભ્ય શીવાભાઈ ભુરીયાના વરદ હસ્તે તેમજ વાતમ ગામના આગેવાનોની હાજરીમાં સગર્ભા બહેનોને દવાયુક્ત મચ્છરદાની અને પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું અન કેમ્પ મેડીકલ ઓફિસર ડો. શૈલેષભાઈ ચૌધરી દ્વારા સગર્ભા બહેનોની તપાસણી કરવામાં આવી આ કાર્યક્રમનું સફળ સંચાલન અને આયોજન ફાર્માસિસ્ટ લેબટેક, એમ.પી. એચ.એસ.,એફ.એચ.એસ., એફ.એચ.ડબલ્યુ બહેનો, એમ.પી.એચ.ડબલ્યુ ભાઈઓ, આશા બહેનો તેમજ પ્રા.આ. કેન્દ્ર જાલોઢાના તમામ સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું.

# પાલનપુરના આચાર્યની મુખ્યમંત્રીને મનની વાત

પાલનપુર

૫ મી સપ્ટેમ્બર શિક્ષકદિન નિમિતે ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નિવાસ સ્થાને 'મનની મોકળાશ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં બનાસકાંઠાના ૫ એવોર્ડી શિક્ષકો આચાર્યોને આમંત્રણ આપવામાં આવેલ આ કાર્યક્રમમાં કે.માં ચોકસી પ્રાથમિક શાળાના આચાર્ય શ્રીમતી ભાવનાબેન કલ્પેશકુમાર રાવલે હાજરી આપેલ.

તેમના મનની વાત મુખ્યમંત્રીજણાવતા કહ્યું કે સીટી વિસ્તારની શાળાઓમાં જ આંગણવાડી શરૂ કરવામાં આવે જેથી બાળક બાલમંદિરથી જ શાળા સાથે જોડાયા ઉપરાંત વ્યાયામ, સંગીત અને ચિત્ર શિક્ષકો સરકારી શાળામાં આપવામાં આવે તો વિદ્યાર્થીના અને આંતરિક વિકાસ સારો થઈ શકે અને વડાપ્રધાનના 'ફીટ ઈન્ડીયા' મુવમેન્ટને પણ બળ મળે જેના કારણે ગુજરાતના શિક્ષણમાં લાભદાયી પરિવર્તન આવે સમગ્ર બનાસકાંઠા ટીમનું લાયઝનીંગ ઈ.આઈ. કરસનભાઈ પઢારે કર્યું હતું.